**<u>આર.સી.એસ. નંબર ૫૭/૨૦૧૫</u>**

**<u>આંક ૫ લગત હુકમ</u>**

**(૧.૧)** હાલનો દાવો વાદીએ ડેકલેરેશન, જાથુના મનાઈ હુકમ, સ્પેશીફીક પરફોર્મન્સ ની દાદ ની માંગણી સાથે કાયમી મનાઈહુકમની માંગણી કરેલ છે જેની સાથે વાદીએ તેની દાવા અરજી સાથે દાવા દરમ્યાન મનાઈ હુકમ માટેની અરજી પણ દાખલ કરેલ છે જે વાદીની આંક-૫ ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મર્હુમ મણીશંકર દેવશંકર જોષી વાદીના પિતાશ્રી મર્હુમ મણીશંકર દેવશંકર જોષી મુળ ગામ ધનોરીના રહીશ હતા અને તેમની હયાતીમાં તેમના હસ્તક તેમની માલિકીની રહેઠાણના ઘર અને ગણોત હકક રૂએ મળેલી ખેતીની જમીનો તથા ઢોર, ખેતીના સાધન, ઘરવખરી, ચીજવસ્તુ વિગેરે વાળી મિલકતો ચાલી આવેલી. મર્હુમ મણીશંકર દેવશંકર જોષી અને તેમના પત્ની તથા તેમના બે પુત્ર સંતાનો તથા ત્રણ પુત્રી સંતાનોના હિન્દુ એકત્ર અવિભકત કુટુંબ સંસારી-સામાજિક રીતે ચાલી આવેલું. વાદીના પિતા મર્હુમ મણીશંકર દેવશંકર જોષીના હિન્દુ અવિભકત/એકત્ર કુટુંબની માલિકીની નીચેના વર્ણનવાળી મિલકતો ચાલી આવેલી છે, જે હાલના દાવાના વિષયવસ્તુવાળી મિલકતો છે , જે તમામનો ઉલ્લેખ '' દાવાવાળી મિલકતો'' તરીકે આ અરજમાં કરવામાં આવ્યો છે, જે તમામ મિલકતો વાદીના પણ સહમાલિક તરીકે કબ્જા-ભોગવટામાં ચાલી આવેલી છે. જેની વિગત નીચે મુજબ છે.

**મિલકતનું વર્ણન:-**

૧. **આંક-૯૫ ની અરજ ઉપર ના.કોર્ટના તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજના હુકમ મુજબ સુધારો કર્યો.**

**(એ)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે આવેલ ખાતા નંબર- ૨૯૭માં તથા નવા ખાતા નંબર-૩૯૭ માં ખેતીની જમીન- થી જોડાયેલ ખેતખાતાની જમીનો.

| **અ.નં.** | **જુનો રેવન્યુ સર્વે નંબર** | **જુનો બ્લોક નંબર** | **નવો બ્લોક નંબર** | **ક્ષેત્રફળ હેકટર-આરે-ચો.મી.** | **આકાર રૂ.-પૈ.** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૪૮ | ૨૫૩ | ૩૫૭ | ૦-૨૯-૮૫ | ૦૨-૩૦ |
| ૨ | ૮૫૯ | ૮૦૦ | ૪૦૯ | <u>૬-૯૯-૯૬</u> | <u>૨૮.૯૫</u> |
| | | | | ૭-૨૯-૮૧ | ૩૧.૨૫ |

સદર મિલકત તે માંહે આવેલા તમામ ઝાડબીલ, ઉભા તુલ વિગેરે સહિતની તથા લાગતા વળગતા તમામ હકક, હિત, સબંધ વિગેરે સહિતની.

(નોંધ: આ મિલકતો રેકર્ડ દફતરે હાલે પ્રતિવાદીઓ નંબર–૯(નવ) થી ૧૪(ચૌદ) ના નામે ચાલે છે.)

**(બી)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે આવેલ ખાતા નંબર–૨૯૮માં તથા નવા ખાતા નંબર–૩૯૮ માં ખેતીની જમીનથી જોડાયેલ ખેતખાતાની જમીન.

| **અ.નં.** | **જુનો રેવન્યુ સર્વે નંબર** | **જુનો બ્લોક નંબર** | **નવો બ્લોક નંબર** | **ક્ષેત્રફળ હેકટર–આરે–ચો.મી.** | **આકાર રૂા.–પૈ.** |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫૪/૧ | ૨૫૭ | ૩૦૬ | ૦–૩૩–૩૦ | ૦૪–૨૫ |
| ૨ | – | ૭૫૯ | ૪૩૮ | ૧–૫૪–૧૨ | ૦૭.૨૫ |
| | | | | ૧–૮૭–૪૨ | ૧૧.૫૦ |

સદર મિલકત તે માંહે આવેલા તમામ ઝાડબીલ, ઉભા તુલ વિગેરે સહિતની તથા લાગતા વળગતા તમામ હકક, હિત, સબંધ વિગેરે સહિતની. (નોંધ: આ મિલકતો રેકર્ડ દફતરે હાલે **મર્હુમ ભાગ્યદેવીબેન** તથા પ્રતિવાદીઓ નંબર –૨(બે) થી ૪(ચાર) ના નામે ચાલે છે.)

**(સી)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે આવેલ ખાતા નંબર–૨૯૬માં તથા નવા ખાતા નંબર–૩૯૬ માં ખેતીની જમીન– થી જોડાયેલ ખેતખાતાની જમીનો.

| **અ.નં.** | **જુનો રેવન્યુ સર્વે નંબર** | **જુનો બ્લોક નંબર** | **નવો બ્લોક નંબર** | **ક્ષેત્રફળ હેકટર–આરે–ચો.મી.** | **આકાર રૂા.– પૈ.** |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮૯ | ૨૦૧ | ૩૭૩ | ૦–૫૯–૯૮ | ૦૪.૬૦ |
| ૨ | ૧૯૪/૧, ૧૯૪/૨, ૧૯૬/૩, ૧૯૬/૨, | ૨૦૬ | ૩૭૦ | ૦–૫૪–૭૧ | ૦૬.૯૦ |
| ૩ | ૮૬૧/૩ | ૭૬૬ | ૪૦૦ | ૧–૬૨–૨૪ | ૧૦.૭૭ |
| | | | | ૨–૭૬–૯૩ | ૨૨.૨૭ |

સદર મિલકત તે માંહે આવેલા તમામ ઝાડબીલ, ઉભા તુલ વિગેરે સહિતની તથા લાગતા વળગતા તમામ હકક, હિત, સબંધ વિગેરે સહિતની.

(નોંધ: આ મિલકતો રેકર્ડ દફતરે હાલે પ્રતિવાદીઓ નંબર –૫(પાંચ) થી ૭(સાત) ના

તથા તેઓના પત્ની તથા સંતાનોના નામે ચાલે છે.)

**(ડી)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે આવેલ ખાતા નંબર–૨૯૩માં તથા નવા ખાતા નંબર–૩૯૩ માં ખેતીની જમીન–

| **અ.નં.** | **જુનો રેવન્યુ સર્વે નંબર** | **જુનો બ્લોક નંબર** | **નવો બ્લોક નંબર** | **ક્ષેત્રફળ હેક્ટર–આરે–ચો.મી.** | **આકાર રૂા.–પૈ.** |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૬૩,૧૭૫ | ૧૧૪ | ૧૧૨૯ | ૩–૨૨–૨૬ | ૧૭.૬૮ |
| ૨ | ૧૭૧ | ૧૨૬ | ૩૯૮ | ૧–૭૯–૫૬ | ૦૮.૫૬ |
| ૩ | ૧૯૦,૧૯૧,૧૯૨ તથા ૧૯૩ | ૨૦૨ | ૩૬૮ | ૧–૫૦–૬૪ | ૧૨.૨૫ |
| ૪ | – | ૧૧૪ | ૩૯૨ | ૩–૨૬–૨૨ | ૧૭.૯૦ |
| | | | | ૯–૭૮–૬૮ | ૫૬.૩૯ |

થી જોડાયેલ ખેતખાતાની જમીનો. સદર મિલકત તે માંહે આવેલા તમામ ઝાડબીલ, ઉભા તુલ વિગેરે સહિતની તથા લાગતા વળગતા તમામ હકક, હિત, સબંધ વિગેરે સહિતની. (નોંધ: આ મિલકતો રેકર્ડ દફતરે હાલે પ્રતિવાદીઓ નંબર –૮(આઠ) તથા પ્રતિવાદીઓ નંબર–૧૧ (અગિયાર) તથા ૧૨ (બાર) ના નામે ચાલે છે.)

**(ઈ)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે આવેલ ખાતા નંબર–૨૯૫માં તથા નવા ખાતા નંબર–૩૯૫ માં ખેતીની જમીન–

| **અ.નં.** | **જુનો રેવન્યુ સર્વે નંબર** | **જુનો બ્લોક નંબર** | **નવો બ્લોક નંબર** | **ક્ષેત્રફળ હેક્ટર–આરે–ચો.મી.** | **આકાર રૂા.–પૈ.** |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૭૦ | ૧૨૫ | ૩૯૭ | ૧–૭૫–૩૬ | ૦૮–૩૫ |

થી જોડાયેલ ખેતખાતાની જમીન. સદર મિલકત તે માંહે આવેલા તમામ ઝાડબીલ, ઉભા તુલ વિગેરે સહિતની તથા લાગતા વળગતા તમામ હકક, હિત, સબંધ વિગેરે સહિતની. (નોંધ: આ મિલકતો રેકર્ડ દફતરે હાલે પ્રતિવાદીઓ નંબર –૧૧(અગિયાર) તથા ૧૨ (બાર) ના નામે ચાલે છે.)

**(એફ)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે આવેલ ખાતા નંબર–૨૯૪માં તથા નવા ખાતા નંબર–૩૯૪ માં ખેતીની જમીન– થી જોડાયેલ ખેતખાતાની જમીનો.

| **અ.નં.** | **જુનો રેવન્યુ સર્વે નં** | **જુનો બ્લોક નં** | **નવો બ્લોક નં** | **ક્ષેત્રફળ** | **આકાર રૂા.–** |
|---|---|---|---|---|---|

| | **બર** | **બર** | **બર** | **હેક્ટર–આરે–ચો.મી.** | **પૈ.** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૪૬,૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૨,૨૫૩,તથા ૨૫૪ | ૨૫૫ | ૩૦૭ | ૨–૮૪–૩૮ | ૩૬–૧૦ |

સદર મિલકત તે માંહે આવેલા તમામ ઝાડબીલ, ઉભા તુલ વિગેરે સહિતની તથા લાગતા વળગતા તમામ હકક, હિત, સબંધ વિગેરે સહિતની.

(નોંધ: આ મિલકતો રેકર્ડ દફતરે હાલે પ્રતિવાદીઓ નંબર –૧૩(તેર) તથા ૧૪(ચૌદ) ના નામે ચાલે છે.)

**(જી)** મોજે ગામ ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી મુકામે નિશાળ ફળીયામાં ગ્રામ પંચાયત ઘર નંબર–૬૫૯ તથા ૬૬૦ થી નોંધાયેલ બે ઘરગાળાઓ તથા પાછળ ચોક, જાજરા, બાથરૂમની સગવડતા, પાકુ કોઢારૂ તથા બાજુમાં વાડા ઘર–વપરાશની જમીન જગ્યા સહિતની.

(નોંધ: આ મિલકતો પૈકી ઘર નંબર– ૬૫૯ વાળી મિલકત પ્રતિવાદી નંબર–૯(નવ) શ્રી મહાવીર તથા તેમના પત્ની પ્રતિવાદી નંબર–૧૦(દશ) **શ્રીમતી નિરંજનીબેનના** ના નામે તથા ઘર નંબર–૬૬૦ વાળી મિલકત રેકર્ડ દફતરે હાલે પ્રતિવાદીઓ નંબર– ૧૩ (તેર)તથા ૧૪ (ચૌદ) ના નામે ચાલે છે.)

**(એચ)** ઘર–વપરાશના વાસણ, ફર્નિચર, અન્ય સાધનસામગ્રી, ચીજવસ્તુ તેમજ ખેતીના ઓજારો–સાધનો વિગેરે.

**૨.** વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી**ના કુટુંબના સભ્યો–વારસો દર્શાવતું જરૂરી વંશવૃક્ષ નીચે મુજબ છે.

(૨.૧)વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી**નું તા. ૧૭/૦૬/૧૯૫૬ બાદ તારીખ: ૨૦/૧૦/૧૯૬૨ ના રોજ બિનવસીયત અવસાન થયુ હતુ ત્યારે તેમના કાયદેસરના વારસો યા/અને પ્રતિનિધિઓ તરીકે– –તેમના વિધવા તરીકે વાદીના માતૃશ્રી **સિંધુબેન** તથા –તેમના દીકરોઓ તરીકે (૧) **મર્હુમ હેમલતાબેન** (૨) પ્રતિવાદી નંબર–૮(આઠ) **કુમુદબેન** તથા (૩) વાદી **શ્રીમતિ મૃદૃલાબેન** હતા.

(૨.૨) વાદીના બહેન **મર્હુમ હેમલતાબેન**નું તા. ૧૭/૦૮/૧૯૯૭ ના રોજ બિનવસીયતી અવસાન થયું હતુ ત્યારે તેમના કાયદેસરના વારસો યા/અને કાયદેસરના પ્રતિનિધિઓ તરીકે – તેમના પતિ તરીકે **શ્રી ચંદ્રકાંત હરિપ્રસાદ મહેતા** તથા –તેમના દીકરાઓ તરીકે પ્રતિવાદીઓ નંબર–૫(પાંચ)થી ૭(સાત) ના

અનુક્રમે (૧) **શ્રી કેતન,** (૨)**ડો. યતિન** તથા (૩)**શ્રી નીરદ** હતા**,** જે પૈકી **શ્રી ચંદ્રકાંત હરિપ્રસાદ મહેતાનું** તા. ૨૦/૧૦/૨૦૦૭ ના રોજ બિનવસીયત અવસાન થયું હતું.

(૨.૩) વાદીના માતૃશ્રી **સિંઘુબેનનું** તારીખ: ૩૧/૦૫/૧૯૮૪ ના રોજ બિનવસીયત અવસાન થયુ હતુ ત્યારે તેમના કાયદેસરના વારસો યા/અને કાયદેસરના પ્રતિનિધિઓ તરીકે-તેમના દીકરાઓ તરીકે(૧)**સ્વ.મહેન્દ્રભાઈ** તથા (૨) પ્રતિવાદી નં બર- ૯(નવ) **શ્રી મહાવીર** તથા - તેમના દીકરીઓ તરીકે (૧) પ્રતિવાદી નં બર-૮(આઠ) **કુમુદબેન** તથા (૨) વાદી **શ્રીમતિ મૃદુલાબેન** તથા - તેમના પુર્વમૃત દીકરી **સ્વ.હેમલતાબેનના** દીકરાઓ તરીકે પ્રતિવાદીઓ નંબર-૫(પાંચ) થી ૭ (સાત) ના અનુક્રમે(૧)**શ્રી કેતન,** (૨)**ડો.યતિન** તથા (૩) **શ્રી નીરદ** હતા.

(૨.૪)વાદીના ભાઈ **મર્હુમ મહેન્દ્રભાઈ મણીશંકર જોષીનું** સન ૨૦૦૩ ના અરસામાં બિનવસીયત અવસાન થયું હતુ ત્યારે તેમના કાયદેસરના વારસો યા/અને કાયદેસરના પ્રતિનિધિઓ તરીકે -તેમના વિઘવા તરીકે મર્હુમ **ભાગ્યદેવીબેન** તથા - તેમના દીકરાઓ તરીકે પ્રતિવાદીઓ નંબર-૧(એક)થી ૩(ત્રણ) ના અનુક્રમે (૧) **શ્રી સુધીર, (૨) શ્રી નિખિલ તથા (૩) શ્રી કૌશલ** તથા -તેમના દીકરી તરીકે પ્રતિવાદી નંબર-૪(ચાર) **શિલ્પા** હતા અને છે. મર્હુમ **ભાગ્યદેવીબેન તે મર્હુમ મહેન્દ્રભાઈ મણીશંકર જોષીના વિઘવા**નું સન ૨૦૦૮ ના અરસામાં બિનવસીયત અવસાન થયુ હતું

(૨.૫)વાદીના બનેવી **શ્રી ચંદ્રકાંત હરિપ્રસાદ મહેતા**નું તારીખ: ૨૦/૧૦/૨૦૦૭ ના રોજ બિનવસીયત અવસાન થયું હતુ ત્યારે તેમના કાયદેસરના વારસ યા/અને કાયદેસરના પ્રતિનિધિઓ તરીકે- તેમના કાયદેસરના પ્રતિનિધિઓ તરીકે પ્ર તિવાદીઓ નંબર-૫ (પાંચ) થી ૭(સાત) ના અનુક્રમે (૧) **શ્રી કેતન,** (૨)ડો.યનિન તથા (૩)**શ્રી નીરદ** હતા અને છે.

(૨.૬)વાદીના ભાઈ પ્રતિવાદી નંબર- ૯(નવ) **શ્રી મહાવીર**ના પત્ની પ્રતિવાદી નં બર- ૧૦(દશ) **શ્રીમતિ નિરંજની** છે અને પ્રતિવાદીઓ નંબર-૧૧ (અગિયાર) થી ૧૪ (ચૌદ)ના તેમના દીકરીઓ થાય છે.

દાવાવાળી તમામ ખેડખાતાની જમીનો તથા વાદીના પિતા **મર્હુમ મણીશં કર દેવશંકર જોષી**ને ગણોતીય તરીકે કાયદેસર રીતે પ્રાપ્ત થયેલી અને તે હીકકતમાં મોજે ઘનોરી ગામના નમુના નંબર-૬ માં તા.૨૫/૮/૧૯૫૪ ના રોજની ફેરફાર નોંઘ નં બર- ૧૨૭ તથા તા.૭/૬/૧૯૫૫ ના રોજની ફેરફાર નોઘ નંબર- ૧૪૮ વિગેરેમાં જણાવ્યા પ્રમાણે દાવાવાળી તમામ ખેડખાતાની જમીનોના રેકર્ડ દફતરે વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષીનુ** નામ ગણોતીયા તરીકે કાયદેસર રીતે ચઢાવવામાં

આવેલુ અને તેથી જ વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી**ના તા.૨૧/૧૦/૧૯૬૨ ના રોજ બિનવસીયત અવસાન બાદ મોજે ધનોરી ગામના નમુના નંબર– ૬ માં તા.૦૨/૧૧/૧૯૬૨ ના રોજની ફેરફાર નોંધ નંબર–૪૦૦ માં જણાવ્યા પ્રમાણે દાવાવાળી તમામ ખેડખાતાની જમીનનો રેકર્ડ દફતરે ગણોતીયાની વારસાઈ તરીકે નોંધ પાડી સગવડતા ખાતર વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષીનું** નામ કમી કરી તેની જગ્યાએ વાદીના માતૃશ્રી સિંધુબેનનું નામ ગણોતીય તરીકે કાયદેસર રીતે વારસાઈથી ચઢાવવામાં આવેલુ.

વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી ના** અવસાન બાદ પણ તેમના સંતાનો અને તેઓના રહેઠાણ–ખાવાની વ્યવસ્થા તથા કૌટુંબિક–સામાજીક રીતે એકત્રપણામાં ચાલી આવ્યા હતા. વાદીના બેન પ્રતિવાદી નં.૮ ના **કુમુદબેન** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રસ પક્ષના બહુ જ આગળ પડતા આગવાન હતા અને તે વખતના ભારત દેશના વડાપ્રધાન **શ્રીમતી ઈદિન્દરા ગાંધી**ના અત્યંત નિકટના વ્યકિત તરીકે તેમની ગણના થતી હતી. વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી** ના અવસાન બાદ પ્રતિવાદી નંબર–૮ ના કુમુદબેન તથા પ્રતિવાદી નં.૯ ના શ્રી મહાવીરે કુટુંબની તમામ મિલકતના કબ્જા–વહીવટ–વ્યવસ્થા વિગેરે સંભાળ્યા હતા. વાદીના લગ્ન તેઓના પિતાના અવસાન બાદ પ્રતિવાદી નં. ૮ નાએ રસ લઈ કરાવેલા. જે હકીકતમાં વાદી શરૂઆતથી જ આ કામના પ્રતિવાદી નંબર–૮ કુમુદબેન તથા પ્રતિવાદી નંબર–૯ ના શ્રી મહાવીર ઉપર વિશ્વાસ રાખતા આવેલા અને તેમના પર વિશ્વાસ હોય, તેઓ જે તે વખતે દાવાવાળી જમીનો માટે વાીની સહીની જરૂર છે એમ જણાવી કોરા કાગળો ઉપર સહીઓ  કરાવડાવી જયારે ત્યારે જરૂર જણાયે મજકુર પ્રતિવાદીઓ વાદી પાસેથી સહી લઈ જતા ત્યારે તેઓ ઉપર વિશ્વાસ રાખી વાદી તથા વાદીના પિતા તેઓની સહીઓ આપતા આવેલા.

વાદી તથા તેઓના માતૃશ્રી મર્હુમ સિંધુબેન, મર્હુમ મહેન્દ્રભાઈ અને મર્હુમ હેમલતાબેન પણ તેમની હયાતી દરમ્યાન કૌટુંબિક મિલકતોના વહીવટ,કબ્જા, વ્યવસ્થા, ખેતીકામ વિગેરેમાં પ્રતિવાદી નંબર–૮ ના કુમુદબેન તથા પ્રતિવાદી નં.૯ના શ્રી મહાવીરને મદદ કરતા હતા. કૌટુંબિક મિલકતના આવક, ઉપજ તથા વાદીના માતૃશ્રી સિંધુબેન તથા બધા સંતાનોની સંયુકત મહેનત, મજુરીથી ખેતીની જમીનો તથા સાધનો વસાવવામાં આવ્યા હતા. તેમજ જુના રહેઠાણના મકાન, કોઢારના સમારકામ અને નવા બાંધકામ તમામ સગવડના સાથે બનાવવા અને કરવામાં આવ્યા હતા. વાદીના માતૃશ્રી સિંધુબેન તથા બધા સંતાનો સગવડતા મુજબ કૌટુંબિક ખેતીની

જમીનોમાં પણ કામ કરતા હતા.

વાદીએ ધનોરી ગામે રહી ધનોરી તથા ગણદેવીમાં શાળાનો અભ્યાસ કર્યો હતો અને ત્યારબાદ કોલેજનો અભ્યાસ નવસારી મુકામે કર્યો હતો. વાદીએ ધનોરી ગામે રહી અભ્યાસ પુરો કર્યો હતો. અભ્યાસ પુરો કર્યા બાદ શરૂઆતમા બે વર્ષ ધનોરી ગામે રહેતા આવેલા અને લગ્ન બાદ વાદી વલસાડ મુકામે રહે છે.

દાવાના વિષયવાળી મિલકતો તમામ આ અરજમાં જણાવ્યા મુજબ વારસાગત કૌટુંબિક મિલકત અને વારસાગત કૌટુંબિક મિલકતના આવક ઉપજમાંથી તેમજ કુટુંબના સભ્યોની સંયુકત મહેનત મજુરીથી મેળવવામાં અને પ્રાપ્ત કરવામાં આવી હતી. આ હકીકતમાં સદર મિલકતમાં વાદીના જન્મથી જ ચોકકસ પ્રકારના હકક, હિત,આકાર, હિસ્સા, ભાગ વિગેરે ચાલી આવ્યા હતા અને છે. વધુમાં વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી** ની માલિકીની મિલકતમાં વાદી ધી હિન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ ની જોગવાઈ મુજબ વાદીના પિતા **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી**ના દીકરી તરીકે કાયદેસના વારસ તરીકે મજકુર મિલકતોમાં હકક, હિત, અધિકાર,હિસ્સા, ભાગ વિગેરે ધરાવતા આવેલા હતા અને છે.

દાવાવાળી મિલકતોની આવક –ઉપજ વિગેરે પેટે કોઈપણ જાતનો હિસાબ કર્યા વિના પ્રતિવાદી નંબર–૮ કુમુદબેન તથા વાદીના ભાઈ પ્રતિવાદી નંબર–૯ શ્રી મહાવીરે વાદીને દાવાવાળી મિલકતોમાંના વાદીના હિસ્સાને ધ્યાનમાં રાખી ડીસેમ્બર– ૨૦૦૧ ના અરસામાં રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પુરા તથા એપ્રિલ–૨૦૦૬ ના અરસામાં રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પુરા ચેકથી વાદીને ચુકવેલા.

ત્યારબાદ કોઈપણ રકમ વિગેરે કાંઈ પણ વાદીને મજકુર પ્રતિવાદીઓ તરફથી ચુકવવામાં આવેલ નહી. આમ, વાદીના બહેન પ્રતિવાદી નંબર–૮ **કુમુદબેન** તથા વાદીના ભાઈ પ્રતિવાદી નં.૯ **શ્રી મહાવીરે** વાદીને વાદી કૌટુંબિક અને ન્યાયી રીતે હકક, હિત ધરાવતા હોવા છતાં વારસાગત કૌટુંબિક ખેતીની જમીનના ઉત્પન્ન પૂરા પાડયા ન હતા તેમજ અવાકના કોઈ હિસાબની ચોખવટ કરી ન હતી. વાદી તરફથી વાદીના ભાઈ પ્રતિવાદી નંબર–૯ શ્રી **મહાવીર**ને તથા પ્રતિવાદી નંબર–૮ કુમુદબેનને ઉપરોકત વ્યવહાર અને વહીવટ અંગે વિનંતીપૂર્વક ચોખવટ કરવા અને સમજાવવા જણાવતા તેઓ ખોટા વાયદાઓ કરીને વખત વીતાવતા આવેલા હતા.

ત્યારબાદ એપ્રિલ–૨૦૧૫ ના છેલ્લા અઠવાડિયામાં વાદી તથા તેઓના પતિ તથા તેઓના દીકરા શ્રી નીરજ મોજે ધનોરી મુકામે પ્રતિવાદી નંબર–૮ કુમુદબેન તથા વાદીના ભાઈ પ્રતિવાદી નંબર–૯ શ્રી મહાવીરને મળેલા અને દાવાવાળી મિલકતોનું

હદહુદથી કાયદેસરનું, યોગ્ય, ન્યાયી, આખરી અને નિર્ણયાત્મક વહેંચણ કરવા માટે વિનંતી કરતા પ્રતિવાદી નં.૮ કુમુદબેન તથા પ્રતિવાદી નં.૯ શ્રી મહાવીર ઉશ્કેરાઈ ગયેલા અને વાદીને તેઓ કાંઈપણ આપવાના નથી અને થાય તે કરી લો, એવી ધમકી આપેલી. તેમના આવા ઉધ્ધતાઈ ભર્યા વર્તનથી વાદી તથા વાદીના પતિ તથા વાદીના દીકરા એકદમ ડઘાઈ ગયેલા અને વાદીને વિશ્વસઘાત થયેલ હોવાની લાગણી થયેલ. તેથી વાદીએ કૌટુંબિક મિલકત સંબંધે વિવિધ જગ્યાએથી માહિતી મેળવવાની કાર્યવાહી શરૂ કરેલ અને તેવી માહિતી એકત્ર થતા અને તેનો અભ્યાસ કરતા પ્રતિવાદી નંબર–૮ થી ૧૪ નાઓએ કરેલ નીચે જણાવેલ દગાયુકત વ્યવહારો બાબતે સૌપ્રથમ વાર જાણકારી મળેલ.

**(એ)** આજદિન સુધીમાં વાદીના પિતા કે પ્રતિવાદીઓ નં.૧ થી ૧૪ ના તથા વાદી કે વાદીના માતૃશ્રી સિંધુબેન વચ્ચે હાલના દાવાના વિષય–વસ્તુવાળી મિલકતો અંગે કોઈપણ રીતે કે પ્રકારનું કાયદસેરનું, નિર્ણયાત્મક, આખરી વહેંચણ થયેલ ન હોવા છતાં ગેરકાયદેસર રીતે કોઈ પણ જાતના કાયદેસર રીતી નિયત સ્ટેમ્પ પેપર ઉપરના તથા નોંધાયેલા કાયદેસરના લેખ વિના કે સક્ષમ દિવાની કોર્ટમાંથી કાયદેસરનું હુકમનામુ મેળવ્યા વિના મોજે ધનોરી ગામના નમુના નંબર–૬ મા તા. ૦૪/૦૬/૧૯૭૦ ના રોજની ફેરફાર નોંધ નંબર– ૬૧૪માં જણાવ્યા પ્રમાણે દાવાવાળી તમામ ખેડખાતાની જમીનોનું કહેવાતા લાંભા આધારે કહેવાતુ વહેં ચણ કરેલાનુ ખોટી અને ગેરકાયદેસર રીતે જણાવી

ઉપર પેરા–૧(એક)માં આઇટમ નંબર–(એ)થી વર્ણવેલ જુના રેવન્યુ સર્વે નંબર–૨૪૮ તથા ૮૫૯ થી નોંધાયેલ મિલકતો પ્રતિવાદી નં.૯ શ્રી **મહાવીર**ને નામે તથા ઉપર પેરા–૧માં આઇટમ નંબર–(બી) થી વર્ણવેલ મોજે ધનોરી ગામે જુના રેવન્યુ સર્વે નંબર– ૧૫૪/૧ થી નોંધાયેલ મિલકત પ્રતિવાદીઓ નં.૧ થી ૪ ના વડીલ મર્હુમ **મહેન્દ્રભાઈ**ને નામે તથા ઉપર પેરા–૧ માં આઇટમ નંબર–(સી) થી વર્ણવેલ જુના રેવન્યુ સર્વે નંબર– ૧૯૬/૧,૧૯૪/૨ તથા ૧૮૯ થી નોંધાયેલ મિલકતો તથા જુના રેવન્યુ સર્વે નંબર–૧૯૬/૩,૧૯૪ તથા ૮૬૧ થી નોંધાયેલ મિલકતો પ્રતિવાદીઓ નંબર– ૫ (પાંચ) થી ૭ ના માતૃશ્રી **મર્હુમ હેમલતાબેન**ને નામે તથા ઉપર પેરા–૧ માં આઇટમ નંબર–(ડી)થી વર્ણવેલ જુના રેવન્યુ સર્વે નંબર– ૧૯૦,૧૯૧,૧૯૨ તથા૧૯૩ થી નોંધાયેલ મિલકતો તથા જુના રેવન્યુ સર્વે નંબર–૧૭૫,૧૭૧, ૧૬૩ તથ ૧૯૫ પૈકીથી નોંધાયેલ મિલકતો પ્રતિવાદી નં.૮ **કુમુદબેન**ના નામે તથા ઉપર પેરા–૧માં આઇટમ નંબર–(ઈ) થી વર્ણવેલ જુના

રેવન્યુ સર્વે નંબર–૧૭૦ થી નોંધાયલ મિલકત વાદી **મૃદૃલાબેન**ને નામે તથા ઉપર પેરા–૧ મા આઈટમ નંબર–(એફ)થી વર્ણવેલ જુના રેવન્યુ સર્વે નંબર–૨૪૬,૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૨, ૨૫૩ તથા ૨૫૪ થી નોંધાયેલ મિલકતો વાદીના માતૃશ્રી **સિંધુબેન**ને નામે ચઢાવવામાં આવેલાનુ દર્શાવવામાં આવેલુ, પરંતુ ખરી હકીકતમાં સ્થળ ઉપર કે અન્ય કોઈ પણ રીતે કે પ્રકારે કોઈ વહેંચણ કરવામાં આવેલુ નહી.

તેમજ સદરહુ કહેવાતા વહેંચણ પ્રમાણેની વહેંચણી ધ્યાને લીવામાં આવે તો તે વાદીના માતૃશ્રી **સિંધુબેન** તથા તેમના બે દીકરાઓ અને ૩ દીકરીઓ મળી કુલીઅ૬ સરખે હિસ્સેના હિસ્સેદારોને નામે કરવામાં આવેલી જમીનો જોતાં તે દેખીતી રીતે અપ્રમાણસરનુ વહેંચણ હોવાનુ સ્પષ્ટપણે પ્રતિપદીત થાય છે અને એ કહેવાતા વહેંચણ માટે કોઈપણ સામાન્ય સમજ ધરાવતી વ્યકિત સંમત થઈ શકે નહી. જે હકીકતમાં પણ સદરહુ કહેવાતુ વહેંચણ પ્રથમદર્શને ગરકાયદેસરનું હતુ અને છે.

હકકોઈ સંજોગમાં મજકુર ફેરફાર નોંધ નં–૬૧૪ મા ઉલ્લેખ કરેલ કહેવાતા લાંભા આધારે વહેંચણ થયેલ હોવાનુ જણાવવામાં આવેલ છે પરંતુ તેવા કોઈ કહેવાતા લાંભા યા વહેંચણનું લખાણ વિગેરે કયારેય પણ થયેલ જ ન હતુ. તેમજ તેવા કહેવાતા લાંભાના લખાણ વિગેરે ઉપર વાદીની સહી યા સંમતિ વિગેરે લેવામાં આવેલ ન હતી.

**(બી)** તે જ પ્રમાણે મોજે ધનોરી ગામના નમુના નંબર–૬ માં તા.૧૬/૦૯/૧૯૭૫ ના રોજની ફેરફાર નોંધ નંબર– ૮૪૧,૮૪૨,૮૪૩,૮૪૪, ૮૪૫, તથા ૮૪૬ માં જણાવ્યા પ્રમાણે ઉપર જણાવ્યા મુબજના કહેવાતા વહેંચણ મુજબ જેના તેના નામે દાવાવાળી ખેતીની જમીનોની ગણોતીયા તરીકે ખરીદ કિંમત ભરવા આદેશ સબંધી ફેરફાર નોંધો પાડવામાં આવેલી અને તેના અનુસંધાને મોજે ધનોરી ગામના નમુના નંબર–૬ માં તા.૩૦/૧૨/૧૯૭૮ના રોજની ફેરફાર નોંધ નંબર–૧૦૮૮, ૧૦૮૯,૧૦૯૦, ૧૦૯૧ વિગેરે નોંધો ઉપર જણાવ્યા મુજબના કહેવાતા વહેંચણ મુજબ જેણે તેણે દાવાવાળી ખેતીની જમીનોની ગણોતીયા તરીકે ખરીદ કિંમત ભરપાઈ કરી ખરીદી કર્યા સંબંધી પાડવામાં આવેલી. ખરી હકીકતમાં તમામ જમીનોની જે ખરીદ કિંમત ભરપાઈ કરવામાં આવેલી તે તમામ રકમો દાવાવાળી ખેતીની જીમનોમાં થી જે કાંઈ ઉત્પન્ન, તુલ વિગેરે થતા હતા અને તે થકી જે કોઈ આવક થતી હતી તેમાંથી જે જેના તેના નામે સગવડતા ખાતર ભરપાઈ કરવામાં આવેલી.

તા. ૦૪/૦૬/૧૯૭૦ તથા તા.૧૬/૦૯/૧૯૭૫ ના તથા તા.૩૦/૧૨/૧૯૭૮ ના અરસામાં વાદીના પિતા મર્હુમ મણીશંકર દેવશંકર જોષીના

વાદી સહિતના તેમના તમામ સંતાનોની તથા વાદીના માતૃશ્રી સિંધુબેનની દાવાવાળી ખેતીની જમીનોમાંથી જે કાંઈ ઉત્પન્ન, તુલ વિગેરે થતા હતા અને તે થકી જે કોઈ આવક થતી હતી તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર આવક વિગેરે કાંઈ પણ ન હતી.

**(સી)** તેમજ પ્રતિવાદીઓ નંબર–૫ થી ૭ ના માતૃશ્રી તથા વાદીના બહેન **હેમલતાબેન**નું તા.૧૭/૦૮/૧૯૭૭ના અરસામાં બીનવસીયત અવસાન થતાં મોજે ધનોરી ગામના નમુના નંબર–૬ માં તા.૨૧/૧૧/૧૯૭૭ ના રોજની ફેરફાર નોંધ નંબર–૧૦૩૩ માં જણાવ્યા પ્રમાણે તેણીના ધણી અને પ્રતિવાદીઓ નંબર–૫ થી ૭ ના પિતા **શ્રી ચંદ્રકાંત હરિપ્રસાદ મહેતા**નું નામ ઉપર પેરા–૭ ના પેટા પેરા–(એ)માં બ્લોક નંબર– ૨૦૭,૨૦૬,૨૦૧ અને ૭૬૬ થી નોંધાયેલી જમીનના રેકર્ડ દફતરે વારસાઈથી ચઢાવવામાં આવેલ.

**(ડી)** તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે વાદીના માતૃશ્રી સિંધુબેનનું તા.૩૧–૦૫–૧૯૮૪ ના રોજ બિનવસીયત અવસાન થયુ હોવા છતાં તેમના તા.૧૨–૦૧–૧૯૮૩ ના કહેવાતા વીલ આધારે તેમની મોજે ધનોરી ગામે બ્લોક નંબર–૨૫૫ થી નોંધાયેલ જમીન મોજે ધનોરી ગામના નામુના નંબર–૬ માં તા. ૧૦–૦૭–૧૯૮૪ ના રોજની ફેરફાર નોંધ નંબર–૧૩૫૦માં જણાવ્યા પ્રમાણે વાદી વિગેરે ઉપર કોઈ પણ જાતની કાયદાની ફરજીયાત જોગવાઈ મુજબની નોટીસ કાયદેસર રીતે બજાવ્યા વિના તથા કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના પ્રતિવાદીઓ નંબર–૮ થી ૧૪ નાઓએ એકબીજાના મેળાપીપણામાં ખોટી અને ગેરકાયદેસર રીતે પ્રતિવાદી નંબર–૧૪ **જિગીશાબેન** તથા પ્રતિવાદી નંબર–૧૩ **દિગીશાબેન**ના નામે દાખલ કરવામાં આવેલી. સદરહુ ફેરફાર નોંધ તા.૨૭–૦૮–૧૯૮૪ ના રોજ કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના પ્રતિવાદીઓ નંબર–૮ થી ૧૪ નાઓએ એકબીજાના મેળાપીપણામાં ખોટી અને ગેરકાયદેસર રીતે મંજુર કરાવેલી. ખરી હકીકતમાં વાદીના માતૃશ્રી **સિંધુબેને** તા.૧૨–૦૧–૧૯૮૩ ના રોજ કે કયારેય પણ કોઈપણ રીત કે પ્રકારનું વીલ વિગેરે કાંઈપણ કરેલ ન હતું અને નથી. તેમજ વાદીના માતૃશ્રી સિંધુબેનના નામે ચાલતી મોજે ધનોરી ગામે બ્લોક નંબર–૨૫૫ થી નોંધાયેલ જમીન **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી**ની વારસાગતા કૌટુંબિક મિલકત હોવાથી વાદીના માતૃશ્રી **સિંધુબેન**ને મજકુર મિલકત અંગે વીલ કરવા વિગેરે માટે કાયદેસર રીતે કોઈ હકક, અધિકાર વિગેરે ન હતા જેથી પણ ફેરફાર નોંધ નંબર–૧૩૫૦ અંગેની સમુળગી પ્રક્રિયા પ્રારંભથી જ રદ અને નિરર્થક હતી અને તે હકીકતમાં મોજે ધનોરી ગામે બ્લોક નંબર–૨૫૫ થી નોંધાયેલ જમીન અંગે કે ઉપર પ્રતિવાદી નંબર–૧૪ **જિગીશાબેન** તથા પ્રતિવાદી નંબર–૧૩

**દિગીશાબેન**ને કોઈ પણ રીતે કે પ્રકારે કોઈ હકક, હિત, સંબધ, અધિકાર વિગેરે કાંઈપણ પ્રાપ્ત થયેલા ન હતા અને નથી.

**(ઈ)** તેમજ મોજે ધનોરી ગામના નમુના નંબર–૬ માં તા.૧૮–૦૫–૧૯૯૯ ના રોજની ફેરફાર નોંધ નંબર–૨૦૩૬ માં જણાવ્યા પ્રમાણે ઉપર પેરા–૭ ના પેટા પેરા–(ડી)માં બ્લોક નંબર– ૨૫૩ તથા ૮૦૦થી નોંધાયેલી જમીનના રેકર્ડ દફતરે સામુહિકપણામાં પ્રતિવાદી નંબર– ૯ **શ્રી મહાવીર**ની સાથે તેમના પત્ની પ્રતિવાદી નંબર–૧૦ **શ્રીમતી નિરંજનીબેન** તથા તેમની દીકરીઓ પ્રતિવાદી નંબર–૧૧ **બીના** તથા પ્રતિવાદી નંબર–૧૨ **આભા**ના નામો ચઢાવવામાં આવેલા છે.

**(એફ)** તેમજ તા.૨૦–૧૨–૧૯૯૯ ના રોજના કહેવાતા વેચાણ દસ્તાવેજ આધારે કે જે કહેવાતો વેચાણ દસ્તાવેજ મે.ગણદેવીના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીએ તા. ૨૦–૧૨–૧૯૯૯ ના રોજ અનુક્રમ નંબર–૧૧૩૨ થી નોંધાયેલો હોવાનું જણાવી રૂા. ૨,૬૫,૮૦૦/– અંકે રૂપિયા બે લાખ પાંસઠ હજાર આઠસો પુરાની રકમના કહેવાતા વેચાણ અવેજના બદલામાં વાદીએ મોજે ધનોરી ગામે આવેલ બ્લોક નંબર–૧૨૫ થી નોંધાયેલ મિલકત આ કામના પ્રતિવાદી નંબર–૧૧ બીના તથા પ્રતિવાદી નંબર – ૧૨ **આભા**ને વેચાણ કરેલાનું ખોટી રીતે જણાવી મોજે ધનોરી ગામના નમુના નંબર– ૬ માં તા. ૨૯–૧૨–૧૯૯૯ના રોજની ખોટી અને ગેરકાયદેસરની ફેરફાર નોંધ નંબર– ૨૦૮૫ ની પડાવેલી અને સદરહુ ખોટી અને ગેરકાયદેસરની ફેરફાર નોંધ નંબર– ૨૦૮૫ ને કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના ખોટી અને ગેરકાયદેસર રીતે તા. ૦૯–૦૨–૨૦૦૦ ના અરસામાં પ્રમાણિત અને મંજુર કરાવડાવેલી. સદર કહેવાતા વેચાણ દસ્તાવેજના પાન –૬ તથા ૭ ઉપર રૂા. ૨,૬૫,૮૦૦/– અકેં રૂપિયા બે લાખ પાંસઠ હજાર આઠસો પુરાની રકમની કહેવાતા વેચાણ અવેજની રોકડ ચુકવણી અંગે જણાવવામાં આવેલ છે, પરંતુ એવી કોઈ કિંમત નકકી કરવામાં આવેલ ન હતી કે એવી કોઈ રકમ કહેવાતા વેચાણ અવેજ તરીકે કે અન્ય કોઈ પણ રીતે કે પ્રકારે આ કામના પ્રતિવાદી નંબર–૧૧ **બીના** તથા પ્રતિવાદી નંબર–૧૨ **આભા** ધ્વારા કે અન્ય કોઈ પણ ધ્વારા વાદીને કહેવાતા વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા પ્રમાણે કે કયારેય પણ ચુકવવામાં આવેલ ન હતી અને નથી.

સહરહુ વેચાણ દસ્તાવેજના પાના– ૬ ઉપર મજકુર મિલકતની કહેવાતી બજાર કિંમતરૂા. ૨,૬૫,૦૦/– અંકે રૂપિયા બે લાખ પાંસઠ હજાર પુરાની દર્શાવેલ છે, જયારે સદરહુ વેચાણ દસ્તાવેજના પાન–૭ ઉપર મજકુર મિલકતના કહેવાતા વેચાણ અવેજની રકમ સુધારો કરીને રૂા. ૨,૬૫,૮૦૦/– અંકે રૂપિયા બે લાખ પાંસઠ હજાર

આઠસો પુરાની દર્શાવેલ છે. તેમજ આંકડા તથા શબ્દોમાં જયાં સુધારો કરવામાં આવેલો છે ત્યાં કોઈપણ જગ્યાએ વાદીની કે કહેવાતા ખરીદનારાઓની કોઈ સહી લેવામાં આવેલી નથી. તેમજ સદરહુ કહેવાતા વેચાણ દસ્તાવેજના પાન–૧૦ અને ૧૧ ઉપર જ વાદીની અંગ્રેજીમાં ટુંકી જે સહી છે તે ફકત આ કામના પ્રતિવાદી નંબર–૮ **કુમુદબેન** તથા પ્રતિવાદી નંબર–૯ ના **શ્રી મહાવીરે** જે તે વખતે દાવાવાળી જમીનો માટે હમો વાદીની તથા હમારા પતિની સહીની જરૂર છે એમ જણાવી કોરા કાગળો ઉપર સહીઓ કરાવડાવી જયારે ત્યારે જરૂર જણાયે મજકુર પ્રતિવાદીઓ વાદી પાસેથી સહી લઈ જતા ત્યારે તેઓ ઉપર વિશ્વાસ રાખી વાદી આપતા આવેલા તે પૈકીની કોરા કાગળો ઉપરની વાદીની તથા હમારા ધણીની સહીઓ છે. તેમજ સદરહુ કહેવાતા વેચાણ દસ્તાવેજના પાન–૧૧ ઉપર હમો વાદીને એટલે કે દસ્તાવેજ કરી આપનારને ઓળખે છે એમ જણાવી સહી કરનાર **શ્રી પંકજકુમાર હેમચંદ શાહ** નામની વ્યકતિને હમો વાદી કયારેય મળેલા નથી કે હમો વાદી તેઓને ઓળખતા ન હતા અને નથી. તેમજ મોજે ધનોરી ગામે આવેલ બ્લોક નંબર–૧૨૫ થી નોંધાયેલ મિલકત જ ફકત હમો વાદીના નામ ઉપર ચાલી આવેલી હતી અને જો કાયેદસરનું વહેંચણ ફેરફાર નોંધ નંબર–૬૧૪ પ્ર માણે થયેલાનું ઘડીભર દલીલ ખાતર માનવામાં આવે તો સદરહુ બ્લોક નંબર–૧૨૫ થી નોધાંયેલ મિલકત વેચાણથી તબદીલી કરવાથી હમો વાદી ખેડુત તરીકે મટી જઈએ અને એવું હમો વાદી કે કોઈપણ સામાન્ય સમજ ધરાવતી વ્યકિત કયારેય પણ કરે નહી.

ખરી હકીકતમાં મોજે ધનોરી ગામે બ્લોક નંબર–૧૨૫ થી નોંધાયેલ જમીન **મર્હુમ મણીશંકર દેવશંકર જોષી**ની વારસાગત કૌટુંબિક મિલકત હોવાથી હમો વાદીને એકલાને મજકુર મિલકત વેચાણ કરવા વિગેરે માટે કાયદેસર રીતે કોઈ હકક, અધિકાર વિગેરે ન હતા અને નથી તેમજ સદરહુ કહેવાતા વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા પ્રમાણે કોઈ વેચાણ અવેજની રકમની પણ ચુકવણી કે તેનો સ્વીકાર કરવામા આવેલ ન હતો અને નથી. જેથી પણ સદરહુ તા. ૨૦–૧૨–૧૯૯૯ ના રોજનો કહેવાતો વેચાણ દસ્તાવેજ કાયદાની પરિભાષામાં ખોટો અને ગેરકાયદેસરનો, બિનઅવેજી વેચાણ દસ્તાવેજ હોવાથી તે આધારે જે ફેરફાર નોંધ નંબર– ૨૦૮૫ પાડવામાં અને મંજુર કરવામાં અવોલી તે ફેરફાર નોંધ નંબર– ૨૦૮૫ અંગેની સમુળગી પ્રક્રિયા પ્રારંભથી જ રદ અને નિરર્થક હતી અને છે અને તે હકીકતમાં મોજે ધનોરી ગામે બ્લોક નંબર–૧૨૫ થી નોંધાયેલ જમીન અંગે કે ઉપર પ્રતિવાદી નંબર–૧૧ **બીના** તથા પ્રતિવાદી નંબર–૧ ૨ **આભા**ને કોઈપણ રીતે કે પ્રકારે કોઈ હકક, હિત,સંબધ, અધિકાર વિગેરે કાંઈ પણ

પ્રાપ્ત થયેલા ન હતા અને નથી. સદરહુ તા.૨૦-૧૨-૧૯૯૯ ના રોજનો કહેવાતો વેચાણ દસ્તાવેજ પ્રારંભથી જ રદ અને નિરર્થક હતો અને છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે સદર કહેવાતો વેચાણ દસ્તાવેજ જે કાગળના ટુકડા ઉપર લખવામાં આવ્યો છે તે કાગળના ટુકડાથી વિશેષ તેનું કોઈ મૂલ્ય ન હતુ અને નથી અને તે કાયદાની પરિભાષામાં NON-EXISTENT AND UNENFORCEABLE IN THE EYES OF LAW હતો અને છે અને તે કાયદેર રીતે કોઈ વજુદ, માન્યતા ધરાવતો ન હતો અને નથી. તેમજ સદર કહેવાતો વેચાણ દસ્તાવેજ કાયદાની જોગવાઈઓનો છડેચોક ભંગ કરીને કરવામાં આવેલો છે. જેથી વાદીએ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે. જેની સાથે હાલની અરજી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે. સવગવડ અગવડની સમતુલાનું પલડું વાદીની તરફેણમાં છે. ઉપર જણાવેલ હકીકતો ધ્યાને લેતા પ્રથમ દર્શને એ સ્પષ્ટ થાય છે કે તારીખ ૨૦/૧૨/૧૯૯૯ ના રોજ અનુક્રમ નં. ૧૧૩૨ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ મજકુર મિલકત અંગેના ઉપર જણાવ્યા પ્રમાણેના હમો વાદીના કાયદેસરના હકક, હિત, અધિકાર વિગેરેને ડૂબાડવા માટે એટલે કે ડીલીટ કરવા માટે કરાવવામાં નોંધાવવામાં આવેલાનું સ્પષ્પણે પ્રતિપાદીત થાય છે. આ અરજમાં ઉપર જણાવ્યા મુજબ હમો વાદીના બહેન પ્રતિવાદી નંબર- ૮ કુમૃદબેન તથા હમો વાદીના ભાઈ પ્રતિવાદી નંબર૯ શ્રી મહાવીરે હમો વાદીના પિતા મર્હુમ મણીશંકર દેવશંકર જોષીની વારસાગત કૌટુંબીક મિલકતોમાં એકહથ્થુ, એકતરફી, બીનજરૂરી, બીનઅધિકૃત, ગેરકાયદેસરના ફેરફારો કર્યા હતા. ઉપરોકત જણાવ્યા પ્રમાણે રેવન્યુ રેકર્ડ દફતરે ગેરકાયદેસરના ફેરફારો કરાવવા પાછળ તથા સદર કહેવાતો વેચાણ દસ્તાવેજ કરવા પાછળ પ્રતિવાદી નં.૮ કુમુદબેન તથા હમો વાદીના ભાઈ પ્રતિવાદી નં .૯ શ્રી મહાવીરની બદદાનત સ્પષ્ટપણે જણાય આવે છે અને ઉપરોકત વિગેરે હીકકતો અને સંજોગોમાં હમો વાદીને વ્યાજબીપણે દહેશત છે કે પ્રતિવાદીઓ દાવાના વિષયવસ્તુ વાળી મિલકતો અંગેના ઉપર જણાવ્ય પ્રમાણેના હમો વાદીના કાયદેસરના હકક, હિત, અધિકાર વિગેરેને ડૂબાડવા માટે એટલે કે ડીલીટ કરવા માટે અન્ય ત્રાહીત ઈસમોને ખોટી અને ગેરકાયદેસર રીતે તબદીલ કરી વેડફી નાંખી નુકસાન કરશે તેમજ હમો વાદીના દાવાવાળી મિલકતો અંગેના હકક, હિત, સંબધ વિગેરેન ન્યુનતા પહોંચાડે કે તેને કોઈપણ રીતે કે પ્રકારે કોઈ મુશ્કેલીમાં મૂકે-મૂકાવે એવુ કૃત્ય કરશે-કરાવશે. જેથી તાત્કાલિક બનતી ઉતાવળે હાલનો દાવો વહેચણ, કાયદેસરની જાહેરાતની દાદ તથા જાથુકની મનાઈની દાદ માટે કરવાની હમો

વાદીને ફરજ પડી છે. ઉપરોકત વિગેરે હકીકતો અને સંજોગોમા પ્રતિવાદીઓનો કોઈ કેસ નથી. ઉલટ હમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. કારણ કે હમો વાદી દાવાવાળી મિલકતોના ૧/૫ વણવહેચાયેલા હિસ્સાના સહમાલિક રૂએ કાયદેસરના હકક, હિત, અધિકાર ધરાવનાર વ્યકિત છીએ એથી દાવાવાળી મિલકત અંગેના કાયેસરના માલિકી હકકો ચાલી આવેલા છે. તેમજ વાદીને માંગ્યા મુજબની દાદો આપવામાં ન આવે તો હમો વાદીને નાણાંથી બદલો નહી મળે એવું અત્યંત ગંભીર પ્રકારનું નુકસાન થાય એમ છે. કારણે કે હમો વાદીના મજુકુર મિલકતો અંગેના કાયદેસરના માલિકી, કબજા વિગેરેના હકકો, અધિકારોને નુકસાન પહોંચાડવાના બદઈરાદે પ્રતિવાદીઓ નંબર-૮ તથા ૯ થી ૧૪ નાઓએ ઉપર જણાવ્યા પ્રમાણે ગેરકાયદેસરના કૃત્યો કરેલા હોવાથી હમારા રાઈટ ટુ પ્રોપર્ટી ઉપર ખોટી રીતે તરાપ પડે એમ છે. જયારે તે દાદો ગ્રાહય રાખવામાં આવે તો, પ્રતિવાદીઓને કોઈ અગવડ, અડચણ, નુકસાન, પ્રેજયુડીસ વિગેરે થાય એમ નથી કારણ કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે રોગડોર્સ કેન નોટ ટેક એડવાન્ટેજ ઓફ ધેર વન રોંગ. સગવડતા -અગવડતાની દ્રષ્ટિએ જોવામાં આવે તો પણ વાદીની તરફેણમાં માંગ્યા મુજબની દાદો ગ્રાહય રાખવામાં ન આવે તો હમો વાદીને નાહકના પરાવાર મુશ્કેલીમાં, અગવડમાં મુકાઈ જવુ પડે એમ છે. કારણે કે હમો વાદી મજકુર મિલકતો અંગેના કાયદેસરના માલ્કિી, કબજા વિગેરેના હકકો, અધિકારો કાયદેસર રીતે ધરાવતા હોવાથી અને હમારા હકકો, અધિકારરોને નુકસાન પહોુચાડવાના બદઈરાદે પ્રતિવાદીઓ નં.૮ તથા ૯ થી ૧૪ નાઓએ ઉપર જણાવ્યા પ્રમાણેના ગેરકાયદેસરના કૃત્યો કરેલા હોવાથી હમારા રાઈટ ટુ પ્રોપર્ટી ઉપર ખોટી રીતે તરાપ પડે એમ છે, જયારે તેવી દાદો ગ્રાહય રાખવામાં ઓ તો પ્ર તિવાદીઓને કોઈ અગવડ, અડચણ, નુકસાન, પ્રેજયુડીસ વિગેર થાય એમ નથી.

તેમજ હમો વાદી દાવાવાળી મિલકતોન સહમાલિક તરીકે ઉપર જણાવ્યા પ્રમાણે ચાલી આવેલ હોવાથી હમો વાદીના દાવાવાળી મિલકતો અંગેના હકકો, અધિકારો, વિગેરે ઉપર જણાવ્યા પ્રમાણે ચાલી આવેલા હતા અને છે જે હકકો, અધિકારો વિગેરે કાયદાની પરિભાષામાં રાઈટ ઈન રેમ હતા અને છે અને તે રીતે પ્રતિવાદીઓનું હમો વાદી પ્રત્યે કાયદેસરનુ ઉતરદાયિત્વ ચાલી આવેલ હતુ અને છે. એ હકીકતમાં પ્રતિવાદીઓનુ હમો વાદી પ્રત્ય દાવાવાળી મિલકતો અંગુના હમારા હકક, હિત, સંબંધ વિગેરેને ન્યુનતા પહોંચાડે કે તેને કોઈપણ રીતે કે પ્રકારે કોઈ મુશ્કેલીમા મુકે કે મુકાવે નહી એ મતલબનુ કાયેદેસરનું ઉત્તરદાયિત્વ ચાલી આવેલુ હતુ અને છે. જેથી વાદીની તરફેણમાં મજકુર દાદો મંજુર ન રાખવાથી એ કાયેસરના ઉત્ત્રદાયિત્વનો

ભંગ થાય એમ છે. જયારે હમો વાદીએ પ્રતિવાદીઓ પ્રત્યે દાવાવાાળી મિલકતો સંબંધી કોઈ ઉત્તરદાયિત્વનો કયારેય ભંગ કરેલો ન હતો અને નથી. તેમજ વાદીની તરફેણમાં તેમના માગ્યા મુજબની દાદો મંજુર ન રાખવાથી મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સની તમામ શકયતાઓ રહેલી છે. કારણ કે ઈરેવર્સીબલ સીચ્યુએશન ઉપસ્થિત થાય એમ છે જયારે તે દાદો વાદીની તરફેણમાં મંજુર રાખવાથી એવી તમામ શકયતાઓનો અંત આવે એમ છે. ઉપરોકત વિગેરે હકીકતો, સુજોગો અને કારણોસર હાલની અરજ હમો વાદીએ શુધ્ધ બુધ્ધિ પૂર્વકના, વ્યવહારુ, ન્યાયી અને છેવટના આશય, ઈરાદાથી પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવાના વિષય-વસ્તુવાળી મિલકતોના આખરી, કાયમી, કાયદેસરના વહેંચણ વિગેરે અર્થેના હેતુથી રજુ કરવામા આવી છે. હમો વાદી તરફે નમ્ર અરજ કે, હાલની અરજને આખરી વહેચણ વિગેરેની નોટીસ તરીકે ગણતરીમાં લેવા તથા સ્વીકારવા પ્રતિવાદીઓને વિનંતી છે.

(૧.૨) વાદીએ તેની દાવા અરજીમા દાવાના કારણમા જણાવેલ છે કે -એપ્રિલ -૨૦૧૫ ના છેલ્લા અઠવાડીયામાં વાતચીત થાય બાદ તપાસ કરી તા. મે-૨૦૧૫ થી આજદિન સુધી વખતો વખત તપાસ કરી રેવન્યુ રેકર્ડ દફતરેથી નકલો કઢાવતા સૌપ્રથમ વાર હમો વાદીને ફેરફાર નોંધ નંબર- ૬૧૪ માં જણાવ્યા પ્રમાણેના કહેવાતા વહેંચણ અંગેની તથા ફેરફાર નોંધો નંબર- ૮૪૧ થી ૮૪૬ મુજબના ખરીદ કિંમત ભરવા માટેના આદેશોની તથા ફેરફાર નોંધો નંબર- ૧૦૮૮,૧૦૮૯,૧૦૯૦, ૧૦૯૧ વિગેરે મુજબની ખરીદીના પ્રમાણપત્રો વિગેરે અંગેની તથા ઉપરોકત જણાવેલ ફેરફાર નોંધોની જાણ થઈ ત્યારે, તેમજ - હમો વાદી તર્ફે એપ્રિલ- ૨૦૧૫ ના છેલ્લા, અઠવાડિયામાં થયેલ વાતચીત દરમિયાન પ્રતિવાદી નં.૯ શ્રી મહાવીર તથા પ્રતિવાદી નં. ૮ કુમુદબેનને સ્પષ્ટપણે દાવાવાળી મિલકતોના કાયદેસરના, આખરી અને નિર્ણયાત્મક વહેચણ હદહુદથી કરવા અંગે જવાબ માંગતા તેઓએ હમો વાદી, હમારા પતિ તથા હમારા દીકરા શ્રી નીરજ સાથે ઉધ્ધ્તાઈપૂર્વક વર્તન કહેલુ અને થાય તે કરી લો એમ ધમકી આપી ત્યારે - તેમજ વાદી તર્ફે નામદાર કોર્ટ સમક્ષ આજરોજ દાવાઅરજ રજુ કરી ઉપર જણાવ્યા મુજબ તમામના પ્રતિવાદીઓને દાવાવાળી મિલકતોના વહેચણ વિગેરે કરવાના સ્પષ્ટ અને ચોખ્ખા આશય શુધ્ધબુધ્ધિપર્વક, કાયદેસર રીતે જાહેર કર્યા તે દિને ઉત્પન્ન થયુ છે. અને ચાલુ રહયું છે.

(૧.૩)વાદીએ તેની દાવા દરમ્યાનની મનાઈ અરજીમા દાદ માથી જણાવે છે કે (એ) દાવાવાળી મિલકતો તે પૈકીની કોઈપણ મિલકત યા કોઈપણ ભાગ અંગે કે ઉપર પ્ર તિવાદીઓ તર્ફે કોઈપણ અન્ય કોઈપણ ઈસમ સાથે વેચાણનો કે અન્ય કોઈપણ

રીતે ટ્રાન્સફરનો વ્યવહાર હસ્તે–પરહસ્તે કરે–કરાવે નહી તેમજ દાવાવાળી મિલકતો કે તે પૈકીની કોઈપણ મિલકત યા કોઈપણ ભાગ અંગે અન્ય કોઈપણ ઈસમ સાથે કરાર યા વ્યવહાર કરે–કરાવે નહી કે અન્ય કોઈના મજુકુર મિલકત અંગે કાંઈપણ હકક, હિત, સબંધ વિગેરે ઉપસ્થિત કરે–કરાવે નહી કે દાવાવાળી મિલકતોનો કબ્જો સીધી કે આડકતરી રીતે હસ્તે–પરહસ્તે કોઈને સુપરત કરે–કરાવે નહી કે દાવાવાળી મિલકતોમાં કે મિલકતો અંગુ કોઈનો કોઈપણ જાતનો ઈન્ટરેસ્ટ બેઠો કરે–કરાવે નહીં તેમજ દાવાવાળી મિલકતોના હમો વાદીના લાગતા વળગતા હકક, હિત, સબંધ વિગેરેને મુશકેલીમાં કે અગવડતામાં મુકે એવું કોઈપણ વર્તન હસ્તે પરહસ્તે કરે–કરાવે નહી એવો કામચલાઉ મનાઈ હુકમ હમો વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા મે.કરશોજી. (બી) દાવાવાળી મિલકતોના હમો વાદીના કબ્જા, વહીવટમાં પ્રતિવાદીઓ કે તેઓ તર્ફે કોઈપણ જાતે પોતે કે હસ્તે–પરહસ્તે કોઈપણ રીતે કે પ્રકારે કોઈપણ હરકત, અવરોધ, અટકાવ, અંતરાય વિગેરે કરે–કરાવે નહી એ મતલબનો કામચલાઉ મનાઈહુકમ હમો વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા મે. કરશોજી. (સી) દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી હમો વાદીને વસુલ અપાવશોજી. (ડી) કામની એકંદર હકીકત અને પુરાવામાં કાયદા અને ઈકિવટી રૂએ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી વધુ અને વિશેષ દાદ યા દાદો પ્રતિવાદીઓ વિરૂધ્ધ હમો વાદીના લાભમાં અપાવવા યોગ્ય તે હુકમ કરવા મે.કરશોજી.

**(૧.૪)** આ કામે વાદીએ તેની દાવા દરમ્યાનની મનાઈ અરજીના સમર્થનમા નિશાની ૩/૧ થી ૩/૪૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તથા તેની મૌખીક દલીલમા તેની દાવા અરજી તથા મનાઈ અરજીની હકકીત બાબતે વિસ્તાર પુર્વકની દલીલ કરેલ છે. તેમજ દાવાવાળી મીલકત તેઓની કૌટુમ્બીક મીલકત હોય, તેમજ તેઓના પિતાશ્રી ગણોતીયા તરીકે નામ ચાલી આવેલ હોય, અને તે આધારે તેઓના વારસદારો તરીકે તેઓનુ નામ તમામ મિલકતમા ભાગ હકક હિત હિસ્સો હોવાની રજુઆત કરેલ છે તેમજ એવી રજુઆત કરેલ છે કે પ્રતિવાદી નંબર ૮ અને ૯ નાઓએ તેમની સાથે વિશ્વાસભંગ કરી કોરા કાગળ ઉપર તેઓની સહી કરાવી ખોટી રીતે, વહેંચણ કરી અને વધારે જમીન પ્રતિવાદી નંબર ૮ અને ૯ નાઓએ મેળવી લીધેલ છે અને વાદીના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવીને ખોટી રીતે વહેચણની કાર્યવાહી કરેલ છે. જે વહેંચણની નોંધને વાદીએ પડકારેલ છે. તેમજ એવી પણ દલીલ કરેલ

છે કે વાદીએ પ્રતિવાદી નંબર ૮ અને ૯ નાઓ જયાં સહી કરવાનુ કહેતા ત્યા વિશ્વાસમા આવીને સહી કરી દેતા અને એ રીતે અમારી જાણ બહાર ખોટો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ઉભો કરાવેલ છે અને તેનો કોઈ અવેજ વાદીને આપવામા આવેલ નથી. જેથી દસ્તાવેજની કાર્યવાહીને વાદીએ પડકારેલ છે. તેમજ વાદીની માતા સિન્ધુબેન નાઓએ તેમની હયાતીમા કોઈ વીલ કરેલ ન હોય, તેમ છતા, ખોટી રીતે વીલની નોંધ પડાવેલ છે અને તેમ કરીને પ્રતિવાદી નંબર ૯ નાએ તેમની દીકરીઓના નામે મીલકત દાખલ કરી દીધેલ છે તેમજ પ્રતિવાદી નંબર ૮ દ્વારા પોતે તેમની હયાતીમા પ્રતિવાદી નં બર ૯ ની દીકરીઓને તેમની મીલકતમા નામ દાખલ કરાવી દીધેલ છે જે નોંધ પણ ખોટી રીતે પડાવેલ છે. તમામ મીલકતોની અસમાન વહેંચણી કરી પ્રતિવાદી નંબર ૮ અને ૯ નાએ વાદીને તેમના પિતા તરફથી જે કાયદેસર રીતે મળવા પાત્ર હોય તેવી મીલકતો થી વંચીત રાખેલ છે. વાદીએ કરેલ દલીલોના સમર્થનમા નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે જેની ચર્ચા હાલના હુકમના કામે યથાસ્થાને કરેલ છે.

વાદીએ તેની દલીલના સમર્થનમા નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(1) 2021(0) AIJEL -HC-242651 , 2021 (1) GLH 506 Shambhubhai Prahladbhai Thakor Vs Laxmiben Dhayabhai

(2) 2014 (0) AIJEL-HC-231476 Rajesh Patel, Through Poa Rajesh Patel Vs Rajendra Patel

(3) 1983(0) GLHEL-SC-9292, AIR 1983 SC 742 Gangubai Bablya Chaudhary Vs Sitaram Bhalchandra Sukhtankar

(4) AIR online Pat 2145 Arun Prasad Vs. Meena Kumari Devi

(5) AIR Online 2021 Cal 166 Sampa Achayya Vs Malay Acharya

**(૨.૧)** સદર દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. પ્રતિવાદી નં.૧,૪,૫ અને ૭ નાઓએ લેખિત જવાબ તથા કાઉન્ટર કલેઈમ આંક- ૬૯ થી રજુ કરેલ છે તથા પ્રતિવાદી નં. ૬ નાઓએ પ્રતિવાદી નં. ૧,૪,૫, ૭ નો જવાબ ગણી લેવાનું પુરસીસ આંક-૭૧ થી રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૧,૪,૫,૭ તર્ફે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતો અંશત: ખરી હોવાનુ અને વાદીનો દાવો કબુલ મંજુર રાખવાની હકીકત જાહેર કરેલ છે સાથે સાથ પ્રતિવાદીઓનો પણ દાવાવાળી જમીનમા હકક હિત હિસ્સો અને વારસાઈ હકક સમાવિષ્ટ હોવાની હકીકત જણાવી દાવાઅરજીના જવાબ સાથે પોતાનો કાઉન્ટર કલેમ રજુ કરેલ છે. કાઉન્ટર કલેમમા પ્રતિવાદી નં. ૧ ,૨,૩,૪ નો મર્હુમ મહેન્દ્રભાઈ મણીશંકર જોષીના ૧/૫ હિસ્સાના વારસાઈ હકક

હિસ્સા પેટે અને પ્રતિવાદી નં. ૫,૬,૭ નાઓને મર્હુમ હેમલતાબેન ચંદ્રકાંતભાઈ જોષી તે મણીશંકર દેવશંકર જોષીના દીકરીના ૧/૫ ભાગના વારસાઈ હકક હિસ્સા પેટે વારસાઈ ઠેરાવી તે મુજબનુ કાયદેસરનુ અથવા કાયદાપ્રમાણે જે હકક હિસ્સો નીકળી આવે તે મુજબના વારસદાર ઠેરવી તેમનો હકકહિસ્સો ઠરાવવા બાબતે વિભાજન કરી હકક હિસ્સો છુટો પાડી તેઓના નામે કરી આપવા રજુઆત કરેલ છે. અને સદર પ્રતિવાદીઓએ વાદીના દાવા અરજીની હકીકતને સમર્થન કરેલ છે અને વાદીનો દાવો મંજુર કરવા રજુઆત કરેલ છે અને પોતે પણ દાવાવાળી મીકલતમા સમાન હિત ધરાવતા હોવાની રજુઆત કરેલ છે. તેમજ અસમાન વહેંચણી અંગેની વાદીની રજુઆત યોગ્ય હોવાની દલીલ કરેલ છે. અને તેમની દલીલોના સમર્થનમા પ્રતિવાદી નંબર ૧,૪ થી ૭, અને ૧૫ થી ૨૧ તર્ફે નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે જેની ચર્ચા યથાસ્થાને કરવામા આવેલ છે.

(1) (2009) 04 MP CK 0010 Chaudhary Chattar Singh and Others

(2) AIR 1962 SC 287 Bhagvan Dayal since deceased and his heirs Vs. Mst. Reoti Devi deceased and her daughter

(3) High court of Himachal RSA No. 563/2000 Mehar singh and Others Vs. Het Ram and others.

(4) AIR 1966 SC 1836 Maturi Pullaiah and Anr.Vs Maturi Narasimham and Others

(5) AIR 1976 SC 807 Kale and Others Vs Deputy Director of Consolidation Ors.

**(૨.૨)** પ્રતિવાદી નં.૮ થી ૧૦ નાઓએ આંક-૨૬ થી દાવા અરજીનો જવાબ તથા આંક-૨૭ થી મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદી નં. ૩ નાઓએ પ્રતિવાદી નં.૮ થી ૧૦ નો જવાબ ગણી લેવાનુ પુરસીસ આંક- ૫૦ થી રજુ કરેલ છે. પ્રતિવાદી નં. ૧૧ થી ૧૪ નાઓએ પ્રતિવાદી નં.૮ થી ૧૦ નો જવાબ ગણી લેવાનુ પુરસીસ આંક-૫૫ થી રજુ કરેલ છે. જેમા તેઓ મહદઅંશે વાદીની દાવા અરજીની હકીકતનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીને હાલનો દાવો કરવાનો કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. વાદીના દાવાને તથા મનાઈ અરજીને ડીલે લેચીસ તથા એકવીટ એસ્ટોપલના સિધ્ધાંતનો બાધ નડે છે તેમજ વાદીએ સદર દાવા અરજીમા મુખ્ય અને મહત્વની હકીકતો છુપાવીને નામદાર કોર્ટને અંધારામા રાખીને મનાઈ હુકમની માંગણી કરેલ છે અને તેથી વાદના દાવાને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટનો બાધ નડે છે અને તેથી વાદી તેની દાવા અરજીના કામે ઈકવીટેબલ રીલીફ માંગવા હકકદાર નથી.વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે.

વાદીએ તેની દાવાઅરજીમા તા. ૪/૬/૧૯૭૦ નું ફેરફાર નોંધ નં.૬૧૪ કે જે વહેચણની નોંધ છે તે તેમજ તા. ૧૨/૧/૮૩ નું માતૃશ્રીના વીલ જેની ફેરફાર નોંધ નં.૧૩૫૦ તા. ૧૦/૭/૧૯૮૪ તથા તા. ૨૦/૧૨/૧૯૯૯ નો વેચાણ દસ્તાવેજ કે જે વાદીએ કરેલ છે જેની ફેરફાર નોંધ નં. ૨૦૮૫ તા. ૨૯/૧૨/૯૯ ની પડેલ છે. તે વ્યવહારોને તેની દાવા અરજીના કામે પડકારેલ છે. સદર વ્યવહારો અન નોંધો વર્ષો અગાઉ અસ્તિવત્વમા આવેલ છે અને સદર વ્યવહારો અંગે વાદી સંપૂર્ણપણે અને સારી રીતે માહિતગાર હતા. વાદીના માતા સિંધુબેન મણીશંકર દેવાશંકર જોષી ઉપરોકત વ્યવહારો પૈકી કેટલાક વ્યવહારોના પોતે પક્ષકાર હતા અને તેમની હાજરીમાં તથા વાદી તથા અન્ય સબંધીત પક્ષકારોની હાજરીમા આ વ્યવહારો સ્વેચ્છાએ અને સંમતીથી કરવામા આવેલ હતા તે વ્યવહારો બાબતે કોઈ પક્ષકારોએ જે તે સમયે કોઈ વાંધા, વિરોધ, વિવાદ ઉત્પન્ન કરેલ ન હતા અને સદર વ્યવહારો હાલના વાદીએ તેના વાણી વર્તન અને વ્યવહારથી વર્ષોથી અને લાંબા સમયથી વ્યવહારોના ખરા અને કાયદેસરપણા કબુલ મંજુર અને સ્વીકાર્ય રાખેલ હતા અને તે આધારે વાદીના દાવાને એસ્ટોપલ એકવીએન્સ અને વેવરના સિધ્ધાંતનો સ્પષ્ટપણે બાધ નડે છે. પ્રતિવાદીએ એવો બચાવ લીધેલ છે કે મહેસુલ દફતરે મર્હુમ મણીશંકર દેવશંકર જોષી નુ નામ કમી કરવા વારસાઈ નોંધ સગવડતા ખાતર કરવામા આવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને સદર મિલકત ગણોત ધારાની જોગવાઈ હેઠળ કાર્યવાહી થયેલ હોવાનુ જણાવેલ છે. દીનશા રતનજી દાબુ અને મર્હુમ મણીશંકર દેવશંકર જોષી વચ્ચે ગણોતધારાની જોગવાઈ હેઠળ કાર્યવાહી થઈ હતી જે કાર્યવાહી દરમ્યાન મણીશંકર દેવશંકર જોષીનુ અવસાન થવાને કારણે તેમના કાયદેસરના તેમના પ્રતિનીધી અને વારસોને દાખલ કરવામા આવ્યા હતા ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સીવીલ એપ્લી.નં. ૭૯૪/૧૯૪૬ વીથ સ્પે.સીવીલ એપ્લીકેશન ૬૫૩/૧૯૬૩ ના કામે કન્સન્ટ ટર્મથી તા. ૬/૧૦/૧૯૬૯ ના રોજ નિકાલ નિર્ણય કરવામા આવેલ હતો. જેમા (૧)સિંધુબેન મણીશંકર જોષી (૨) મહેન્દ્ર એમ.જોષી (૩) હેમલતા ચંદ્રકાંત મહેતા (૪) કુમુદ મણીશંકર જોષી (૫)મૃદુલા આર.દેસાઈ (૬) મહાવીર મણીશંકર જોષી નાઓએ તમામની રાજીખુશી અને સ્વેચ્છાથી લાભુ યાને યાદીના લખાણ કર્યા હતા તેમજ ઉપરોકત તમામ પક્ષકારોએ તેના ઉપર સહી કરી હતી અને તે મુજબ લાભુ યાને યાદીના જરુરીયાત મુજબ તમામ રીત સબંધીત પક્ષકારોએ વાણી વર્તન અને વ્યવહારથી એકરાર સ્વીકાર કરી અને સ્વીકાર રાખી કબુલ રાખી અમલ પાલન કર્યા હતા અને કોઈપણ પક્ષકારોએ ઉપરોકત લાભુ યાને યાદીના અસ્વીકાર કર્યા ન હતા.

તેમજ પડકાર્યા ન હતા. પ્રતિવાદી નં.૮ અને પ્રતિવાદી નં.૯ નાએ કોરા કાગળ ઉપર કહેવાતી સહીઓ કરાવેલ હોય તે હકીકતનો ઈનકાર કરેલ છે. પ્રીતિવાદી એવો પણ બચાવ લે છે કે સિંધુબેન કહેવાતા બિનવસીયત અવસ્થામા અવસાન પામ્યા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને સિંધુબેને તેમની હયાતીમા તેમની મિલકત અં ગે રજીસ્ટર્ડ વીલ કરેલ હતુ અને તેની ફેરફાર નોંધ નં.૧૩૫૦ પડેલ હતી અને તે ફેરફાર નોંધ અંગે નોટીસો ન બજાવી હોવા અંગે ઈનકાર કરેલ છે તેમજ ગેરકાયદેસર રીત એન્ટ્રી મંજુર કરાવેલાની હકીકતનો ઈન્કાર કરેલ છે. પ્રતિવાદી એવો પણ બચાવ લ ે છે કે તા.૨૦/૧૨/૯૯ ના રજી.વેચાણ દસ્તાવેજના ખરા અને કાયદેસરપણાથી અરજદાર પોતે તથા વાદીના પતિ સંપૂર્ણપણે માહીતી જાણકારી શરૂઆતથીજ ધરાવતા હતા વાદીએ પોતે અને વાદીના પતિ સંપૂણપણે માહિતી જાણકારી શરૂઆતથી ધરાવતા હતા અને સદર વેચાણ દસ્તાવેજમાં સ્વેચ્છા અને રાજીખુશીથી અવેજની રકમનો સ્વીકાર કરી શાખ કરી નોધણી કરાવેલ હતા નોંધણી અર્થે વાદીએ રૂબરૂ હાજર રહી સમગ્ર કાર્યવાહી કબુલ સ્વીકાર્ય રાખેલ હતી. વાદીએ પોતે તથા શાખ કરનાર વાદીના પતિ રમેશ દેસાઈએ પ્રતિવાદી ન.૯ ની રૂબરુ સહી કરેલ હતી અને પ્રતિવાદી નં. ૯ નાએ શાખ કરનાર તરીકે સહી કરેલ હતી. તેમજ પ્રતિનં. ૮ અને ૯ નાએ વાદી તથા વાદીના પતિની સહીની કહેવાતી જરૂરીયાત હોવા અંગે કોરા કાગળ ઉપર સહી કરાવેલ હોવાની હકીકતનો સ્પષ્ટ ઈનકાર કરેલ છે. તથા હાલની મનાઈ અરજી મેન્ટેનેબલ નથી અને હાલના સ્વરૂપના દાવા અરજના સમય મર્યાદાના કાયદાનો સ્પષ્ટ બાધ નડે છે. વાદીને દાવા વાળી મિલકત સબંધે કોઈ કાયદેસરના હકક નથી અને મનાઈ હુકમ આપવાના પ્રસંગે પ્રતીવાદીઓના માલીક કબજા સબંધે ના દિવાની હકકો ઉપર ગંભીર તરાપ પડે તેમ છે અને જો તેમ થાય તો પ્રતિવાદીઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ ગંભીર નુકસાન થાય તેમ છે અને તેવા પ્રસંગે પ્રતિવાદીને વધુ દાવાદુવીમાં ઉતરવુ પડે તેમ છે.પ્રતિવાદીઓના લાભમા સ્ટ્રોંગ પ્રાઈમા ફેસી કેસ છે તેમજ પ્ર તિવાદીઓનો દાવાવાળી મિલકતોનો વર્ષોથી ચાલી આવેલ કબજો ઝુંટવાય તેમ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીઓના લાભમાં જેથી વાદીની આંક– ૫ ની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. સદર દાવાના કામે ચાલુ દાવે પ્રતિવાદી નંબર ૮ અને ૯ મરણ ગયેલ છે. અને પ્રતિવાદી નંબર ૧૦ થી ૧૪ દ્વારા દાવા બચાવ લીધેલ છે. તથા તેના બચાવ ના સમર્થનમા નિશાની ૧૨૯ /૧ થી ૧૨૯/૫૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તથા તેના બચાવની મૌખીક દલીલમા વિસ્તાર પુર્વક દલીલ કરેલ છે અને પ્રતિવાદી નંબર ૮,૯, ૧૦ થી ૧૪ તર્ફે નીચે મુજબના ચુકાદા રજુ

કરેલ છે જેની ચર્ચા હાલના હુકમના કામે યથાસ્થાને કરેલ છે.

(1) AIR 1997 MADRAS 4 Murugesa Naicker(died) and others, Appellants Vs. M.Sadayappa Naicker and others Respondents.
(2) 2010(1) GLR p.n.670 Shashikant Natvarlal Patel Vs. Arvindbhai Bhupatbhai Gohil and Ors.
(3) 1999(1) GLR P.N.440 Pravinbhai God Vs. Rajivkumar Gupta, Collector Vadodara
(4) 2010 (1) GLR P.N.810 Somiben @ Chimiben D/o Naranbhai Kalabhai & ANR.Vs. Ukabhai Naranbhai Patel Karta of HUF and Ors.
(5) 2022(4) GLR P.N. 2908 Rabari Nagjibhai Vs. Nilamben Shah
(6) 2001(3) GLR P.N. 759 Sohrabji Vesuna Vs. Nanjibhai Umrikar
(7) 1999 (2) GLR P.N. 1348 Gujarat State Vs. R.R. Lalaji
(8) AIR 2000(2) Bombay P.N.129 P.N.Vankudre Vs. C.S.Vandkudre
(9) AIR 2009 SC 2882 Kishoresinh Jadeja Vs. Maruti Corporation
(10) AIR 2009 SC P.N.1218 Rangnayak Kamma Vs. K.S.Prakash
(11) AIR 1976 SC 807 Kale and Others Vs. Deputy Director
(12) 2022(1) GLR P.N.536 Sonaji Chaudhary Vs. Akha Chaudhary
(13) 2018(4) GLR 2973 Chanchalben Bhagvandas Ranchoddas and Ors. Vs. Keshavbhai Kalyanbhai Through POA Bhikhabhai Makanbhai & Ors.
(14) AIR 2011 SC 3590 Khatri Hotels Private Limited and anr. Vs Union of India and anr.
(15) 1998(1) GLR P.n.90 Jamnagar-Rajkot Gramin Bank officers association Vs Jamnagar- Rajkot Gramin Bank
(16) 1988(2) GLR P.N.902 Chauhan Dajiji Vs. Pithuji Chauhan
(17) 2013(1) GLR P.N. 398 Becharbhai Javerbhai Patel Vs. Jashbhai Patel

**૦૩.** સદર કામે વાદીએ રજુ કરેલ અરજી અને સાધનીક કાગળોના પરીપ્રેક્ષ્યમાં હાલની અરજી નો ન્યાયીક અંત આપવા સારુ મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું વાદીનો કેસ પ્રથમદર્શનીય કેસ છે?

મુદા નં.૨ શું સગવડ/અગવડની સમતુલાનું પલડું વાદીની તરફેણમાં છે?

મુદ્દા નં.૩ શું માંગ્યા મુજબની દાદ ના આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ના થઈ શકે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે?

મુદ્દા નં.૪ શું હુકમ ?

**૦૪.** ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય અને તે નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ નકારમાં
મુદ્દા નં. ૨ નકારમાં
મુદ્દા નં. ૩ નકારમાં
મુદ્દા નં. ૪ આખરી હુકમ મુજબ.

**૦૫. નિર્ણય માટેના કારણો :-**

(**૫.૧**) **મુદ્દા નં.૧ થી ૩ :**મુદા નંબર ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવા તેની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે. **નામદાર સર્વોચ્ચ અદાલતના** **Dalpat Kumar And Anr. vs Prahlad Singh And Ors. on 16 December, 1991 AIR 1993 SUPREME COURT 276** ના ચુકાદામા મનાઈ હુકમની અરજીના હુકમ વખતે અદાલતે ઘ્યાને રાખવા બાબત પેરા ૫ મા નીચે મુજબની ચર્ચા કરેલ છે. અને વચગાળાનો મનાઈહુકમ મેળવવા માટે વાદીએ મુખ્ય ત્રણ આવશ્યક તત્વ સાબિત કરવા ઉપર ભાર મુકેલ છે. જેમા (૧) પ્રાઈમા ફેસી કેસ (૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ (૩) ઈરીપેરેબલ લોસ. સાબિત કરવાનો ભાર વાદી પર નાખવામા આવેલ છે. ચુકાદામા ઠરાવ્યા મુજબ ત્રણેય આવશ્યક તત્વો એકબીજા સાથે અસ્તિત્વમા હોવા જોઈએ, જો કોઈ પણ આવશ્યક તત્વોનો અભાવ જણાય તો મનાઈ હુકમ આપી શકાય નહી.

> 5. Therefore, the burden is on the plaintiff by evidence aliunde by affidavit or otherwise that there is "a prima facie case" in his favour which needs adjudication at the trial. The existence of the prima facie right and infraction of the enjoyment of his property or the right is a condition for the grant of temporary injunction. Prima facie case is not to be confused with prima facie title which has to be established, on evidence at the trial. Only prima facie case is a substantial question raised, bona fide, which needs investigation and a decision on merits. Satisfaction that there is a prima facie case by itself is not sufficient to grant injunction. The Court further has to satisfy that non-interference by the Court would result in "irreparable injury" to the party seeking relief and that there is no other remedy available to the party except one to grant injunction and he needs protection from the consequences of apprehended injury or dispossession. Irreparable injury, however, does not mean that there must be no physical possibility of repairing the injury, but means only that the injury must be a material one, namely one that cannot be adequately compensated by way of damages. The third condition also is that "the balance of convenience" must be in favour of granting injunction. The

Court while granting or refusing to grant injunction should exercise sound judicial discretion to find the amount of substantial mischief or injury which is likely to be caused to the parties, if the injunction is refused and compare it with that it is likely to be caused to the other side if the injunction is granted. If on weighing competing possibilities or probabilities of likelihood of injury and if the Court considers that pending the suit, the subject-matter should be maintained in status quo, an injunction would be issued. Thus the Court has to exercise its sound judicial discretion in granting or refusing the relief of ad interim injunction pending the suit.

(૫.૨) આ કામે રેકર્ડ પરની હકકતો જોતા, પ્રતિવાદી નંબર ૧ , ૪ થી ૭ તર્ફે દાવા પ્લીડીંગ ની હકીકતોને પડકારેલ નથી. પ્રતિવાદી નંબર ૨ તર્ફે કોઈ હાજર નથી. અને પ્રતિવાદી નંબર ૮ થી ૧૪ ધ્વારા તેના દાવા જવાબની હકીકતોના આધારે દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતને પડકારેલ છે. રેકર્ડ પરની તકરારી બાબત ધ્યાને લઈએ તો, દાવાવાળી મીલકત વડીલોપાર્જીત મીલકત હોવા બાબતે મુખ્ય તકરાર લેવામા આવેલ છે. તેમજ જે તે સમયે એટલે કે તારીખ ૦૪/૦૬/૧૯૭૦ ના રોજ ફેરફાર નોંધ નંબર ૬૧૪ જે દાખલ થયેલ છે તેની સામે હાલના દાવામા તકરાર લેવામા આવેલ છે. રેકર્ડ જોતા, હાલના દાવામાં વાદીએ દાવાવાળી મીલકત દાવા દરમ્યાન કોઈને કોઈપણ પ્રકારે ટ્રાન્સફર કરવા બાબતે તેમજ વાદીના કબજામા ફેરફાર ન થવા બાબતે દાવા દરમ્યાનની દાદ માંગેલ છે.

(૫.૩) બંને પક્ષે કરવામા આવેલ મૌખીક દલીલ, રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવા તથા પ્લીડીંગ સંદર્ભે થયેલ મૌખીક રજુઆત ધ્યાને લીધી. રેકર્ડ પરની રજુ થયેલ દસ્તાવેજો આધારીત હકીકત ધ્યાને લેવામા આવે તો, આ કામે વાદીએ નિ–૩/૨૨ થી ૩/૩૯ સુધીના રજુ થયેલ દસ્તાવેજો ગામ નમુના નંબર ૬ હકકપત્રકની નોંધ છે. દાવા અરજીના જવાબના કામે પ્ર તિવાદી નંબર ૮ થી ૧૦ ધ્વારા દાવા અરજીના પેરા–૫ (બી) મા જણાવેલ ફેરફાર નોંધો બાબતે કોઈ તકરાર લીધેલ નથી. બંને પક્ષે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા, દાવાવાળી મીલકતો મોજે ધનોરી ગામે આવેલ છે. દાવાવાળી મીલકત મુળ દિનશા દાબુ ચેરીટી ટ્રસ્ટની હતી જેના ગણોતીયા તરીકે વાદી અને પ્રતિવાદીઓના પિતા મૈયત મણીશંકર દેવશંકર જોષીનાઓ હતા, જેઓ દાવાવાળી મીલકત અને અન્ય મીલકતના ગણોતીયા તરીકે ચાલી આવેલ હતા. મૈયત મણીશંકર દેવશંકર જોષીનાઓનુ અવસાન થયા બાદ તેમના નામે ગણોતીયા તરીકે ચાલતી મીલકતમા તેમના પત્ની સિંધુબેન મણીશંકરનુ નામ ગામ નમુના ૬ ફેરફાર નોંધ નંબર ૪૦૦ ના આધારે તારીખ ૦૨/૧૧/૧૯૬૨ ના આધારે દાખલ થયેલ છે.

(૫.૪) ત્યારબાદ દાવાવાળી મીલકત સંબંધે ફેરફાર નોંધ નંબર ૬૧૪ તારીખ ૪/૦૬/૧૯૭૦ દાખલ થયેલ છે જે દાવાવાળી તમામ ખેડખાતાની જમીનો અંગે વહેંચણલેખ કરવામા આવેલ તેની નોંધ છે. આ કામે નીશાની ૩/૨૫ થી વાદીએ ફેરફાર નોંધ નંબર ૬૧૪ ની પ્રમાણી નકલ રજુ કરેલ છે. સદર નીશાની ૩/૨૫ વંચાણે લેતા, સદર નોંધ ગણોતે ધારણ કરેલ જમીનની વહેંચણ અંગેની નોંધ છે. જે નોંધ જે તે સમયે તકરારી બનતા, તે નોંધ સર્કલ ઓફીસર, બીલીમોરા નાઓએ નામજુંર કરેલ અને ત્યારબાદ આર.ટી.એસ નંબર ૧૨/૭૨, તા.૩૧/૦૧/૭૩, ના હુકમ આધારે પ્રાન્ત અધિકારી, નવસારી ધ્વારા સદર કેસ સર્કલ ઓફીસર, બીલીમોરાને રીમાન્ડ કરવામા આવેલ. ત્યારબાદ સદર રીમાન્ડ થયેલ કેસ આધારે ફેરતપાસની કાર્યવાહી બાદ સદર નોંધ નંબર ૬૧૪ પ્રમાણીત કરવાનો હુકમ કરવામા આવેલ છે. સદર નોંધ નંબર ૬૧૪ ના કામે ખાતેદાર સિંધુબેન મણીશંકર જોષીના નામે ચાલતી જમીન લાંભા આધારે વહેંચણ કરેલ જેમાં મહેન્દ્ર મણીશંકર, હેમલતાબેન, ચંદ્રકાન્તબેન, કુમુદબેન મણીશંકર, મૃદુલાબેન રમેશચંદ્ર, તથા સિંધુબેન મણીશંકર ના ભાગે નોંધ નંબર ૬૧૪ મા જણાવ્યા મુજબની જમીન દાખલ કરેલ છે. આ કામે નોંધ નંબર ૬૧૪ વંચાણે લેતા, સદર ફેરફાર નોંધ નંબરના આધારે દાવાવાળી મિલકતો પૈકી **રેવન્યુ સર્વે નં.૧૭૦ એકર.ગુઠા ૪–૧૫ વાળી જમીન** આ કામના વાદી મૃદુલા રમેશભાઈના ભાગે આવેલ હોવાનુ જણાય આવે છે. સદર ફેરફાર નોંધ નંબર ૬૧૪ ને વાદી ધ્વારા આજદિન સુધી રેવન્યુ રેકર્ડમા પડકારેલ હોય તેવી હકીકત રેકર્ડ પરથી ફલીત થતી નથી.

(૫.૫) સદર ફેરફાર નોંધ ૬૧૪ રેવન્યુ રેકર્ડમા પ્રમાણીત થયેલ છે અને તેના આધારે જે તે હિસ્સા સબંધીત વહેંચણથી મેળવનારાઓના નામે દાખલ થયેલ છે. નિ–૩/૨૨ થી ૩/૩૯ મુજબ ફેરફાર નોંધ નં.૮૪૧, ૮૪૨, ૮૪૩, ૮૪૪, ૮૪૫, ૮૪૬ વાળી નોંધ ખરીદ કિંમત ભરવા અંગેના આદેશ સબંધી નોંધ છે જે ખરીદ કિંમત ભરવા માટેનો આદેશ ટેનન્સી કેસ નં. ૨૯/૭૩ ના કામે મામલતદાર અને કૃષિ પંચ ગણદેવી ધ્વારા કરવામા આવેલ છે.

(૫.૬) આ કામે રેકર્ડ પર રજુ થયેલ નિશાની ૧૨૯/૧ વાળો દસ્તાવેજ ધ્યાને લેતા, કૃષિ પંચના કેસ અગાઉ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લી. નં. ૭૯૪/૧૯૬૪ તથા સ્પે.સીવીલ એપ્લી નં.૬૫૩/૧૯૬૪ વાળી અરજી મુળ જમીન માલીક દીનશા દાબુ ટ્રસ્ટ ધ્વારા દાખલ કરેલ હતી. જે પીટીશનમા તા.૬/૧૦/૬૯ ના રોજ પક્ષકારોએ કન્સેન્ટ ટર્મસ રજુ કરેલ છે. જે મુજબ દાવાવાળી મિલકત હિન્દુ કુટુબના કર્તા તરીકે મણીશંકર દેવશંકર જોષીના

અવસાન બાદ તેમના પત્ની સિંધુબેનનુ નામ ગણોતીયા તરીકે દાખલ થયેલ અને મૈયત મણીશંકર દેવશંકર ના વારસોને ગણોતીયા તરીકે ચાલુ રાખવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા કન્સન્ટ ટર્મના આધારે હુકમ કરેલ છે.

(૫.૭) આ કામે નિશાની ૧૨૯/૪ થી ગણોતધારા કેસ નંબર ૨૯/૭૩ ની નકલ રજુ છે. જે મુજબ ગણોતીયા ધ્વારા દાવાવાળી જમીનો ગણોત હકકે વેચાણ લેવા અંગેની દાદ માંગતી અરજી કરેલ જે મુજબ જમીનની પક્ષકારોએ અંદરોઅંદરની સમજુતીથી વહેચણ કરેલ હોવાની રજુઆત હોય, મામલતદાર અને કૃષિપંચ ગણદેવી ધ્વારા ગણોત કેસ નંબર ૨૯/૭૩ ના કામે નકકી કરેલ વેચાણ કિંમતની વસુલાત થયા પછી જે તે ઈસમને તેના નામે જણાવેલ જમીન પુરતુ ગણોતધારા કલમ ૩૨(એમ) મુજબનુ ખરીદી અંગેનુ પ્રમાણપત્ર આપવા તારીખ ૧ ૫/૦૯/૧૯૭૫ ના રોજ હુકમ થયેલ છે. વહેચણીથી મેળવેલ ગણોતીયા તરીકે જમીનની ફાળવણી કરેલ તે પક્ષકારને જે તે ક્ષેત્રફળ મુજબની મિલકત ચોકકસ કિંમત નકકી કરીને વેચાણ આવપવાનુ નકકી થયા મુજબ પક્ષકારોએ તે મુજબની રકમ જમા કરાવેલ અને ગામ નમુના નં.૬ મા તા. ૩૦/૧૨/૭૮ ના રોજ ફેરફાર નોંધ નં.૧૦૮૮, ૧૦૮૯, ૧૦૯૦ અને ૧૦૯૧ મુજબની નોંધ ખરીદ કિંમત ભરપાઈ કર્યા બાબતની થયેલ છે અને તે આધારે ખરીદીનુ પ્રમાણપત્ર ઈસ્યુ કરવામા આવેલ છે. આ કામે વાદીએ મામલતદાર અને કૃષિપંચના ગણોતધારા કેસ નંબર ૨૯/૭૩ ના કામે થયેલ હુકમને સક્ષમ અદાલતમા પડકારેલ હોય, તે અંગે કોઈ હકીકત આ કામે ફલીત થતી નથી.

(૫.૮) વાદીની દલીલ મુજબ જે ફેરફાર નોંધ નંબ ૬૧૪ પાડવામા આવેલ તેમા કરવામા આવેલ વહેંચણી અસમાન હતી, જે દલીલ સંદર્ભે વાદીનુ પ્લીડીંગ જોઈએ તો, વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદી નંબર ૮ અને પ્રતિવાદી નંબર ૯ ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને તેઓ ધ્વારા જયારે પણ સહી કરવાનુ જણાવે ત્યારે સહી કરી આપતા અને તે રીતે, કોરા કાગળો પર સહીઓ કરાવી લીધેલ હતી. અને વહેંચણી બાબતે કોઈ સૌપ્રથમ ૨૦૧૫ માં છેલ્લા અઠવાડીયામા જાણ થયેલ છે. વાદીની રજુઆત મુજબ પ્રતિવાદી નંબર ૮ અને ૯ ધ્વારા કોરા કાગળ પર સહી કરાવીને વહેચણીની યાદી તૈયાર કરાવેલ છે. અને તે બાબતની વાદીને કોઈ જાણકારી ન હતી.

(૫.૯) વાદીની મુખ્ય તકરાર અસમાન વહેંચણી અંગેની છે. પરંતુ માત્ર અસમાન વહેંચણી હોવી એ હકકીત સ્વયં વહેંચણીને અથવા કુટુંબ વ્યવસ્થાને અમાન્ય બનાવતી નથી

ખાસ કરીને જયારે તે વહેંચણી પક્ષકારોએ સ્વેચ્છાએ સ્વીકારી અને તેના પર સહી કરી તેને અમલમા મુકેલ હોય અને તેના આધારે કાર્ય કર્યુ હોય, સામાન્ય રીતે આવા કરારો ન્યાય, સુવિધા અને કૌટુમ્બિક શાંતિના સિધ્ધાંતો પર આધારિત હોય છે.

(૫.૧૦) નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **Kale & Ors. v. Deputy Director of Consolidation, (1976) 3 SCC 119 માં ફેમીલી સેટલમેન્ટ બાબતે નીચે મુજબ ચર્ચા કરેલ છે**

> The object of the arrangement is to protect the family from long drawn litigation cr perpetual strifes which mar the unity and solidarity of the family and create hatred and bad blood between the various members of the family. Today when we are striving to build up an egalitarian society and are trying for a complete reconstruction of the society, to maintain and uphold the unity and homogeneity of the family which ultimately results in the unification of the society and, therefore, of the entire country, is the prime need of the hour. A family arrangement by which the property is equitably divided between the various contenders so as to achieve an equal distribution of wealth instead of concentrating the same in the hands of a few is undoubtedly a milestone in the administrating of social justice. That is why the term "family" has to be understood in a wider sense so as to include within its fold not only close relations or legal heirs but even those persons who may have some sort of antecedent title, a semblance of a claim or even if they have a spes successions so that future disputes are sealed for ever and the family instead of fighting claims inter se and wasting time, money and energy on such fruitless or futile litigation is able to devote its attention to more constructive work in the larger interest of the country. The Courts have, therefore, leaned in favour of upholding a family arrangement instead of disturbing the same on technical or trivial grounds. Where the Courts find that the family arrangement suffers from a legal lacuna or a formal defect the rule of estoppel is pressed into service and is applied to shut out plea of the person who being a party to family arrangement seeks to unsettle a settled dispute and claims to revoke the family arrangement under which he has himself enjoyed some material benefits. The law in England on this point is almost the same. In Halsbury's Laws of England, Vol. 17, Third Edition, at pp. 215-216, the following apt observations regarding the essentials of the family settlement and the principles governing the existence of the same are made:
>
>> "A family arrangement is an agreement between members of the same family, intended to be generally and reasonably for the benefit of the family either by compromising doubtful or disputed rights or by

> preserving the family property or the peace and security of the family by avoiding litigation or by saving-its honour.
>
> The agreement may be implied from a long course. Of dealing, but it is more usual to embody or to effectuate the agreement in a deed to which the term "family arrangement" is applied.
>
> Family arrangements are governed by principles which are not applicable to dealings between strangers. The court, when deciding the rights of parties under family arrangements or claims to upset such arrangements, considers what in the broadest view of the matter is most for the interest of families, and has regard to considerations which in dealing with transactions between persons not members of the same family, would not be taken into account. Matters which would be fatal to the validity of similar transactions between strangers are not objections- to the binding effect of family arrangements".

નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ કુટુંબ વ્યવસ્થાઓમા કડક ગણીતીય સમાનતા જરુરી નથી અને લાંબા સમયથી અમલમા રહેલી તથા સ્વીકારાયેલ વહેંચણીને અદાલતે અસ્થિર કરવી જોઈએ નહી. જે ચુકાદાને ઘ્યાને લઈએ તો, કુટુંબ વ્યવસ્થા અથવા વહેંચણી જો સ્વીકારવામા આવેલ હોય અને તેના આધારે અમલમા મુકાઈ હોય, તો તેમા અસમાન વહેંચણી હોવા છતા, તે પક્ષકારોને બંધન કર્તા રહે છે અને અદાલત ધ્વારા એવી વ્યવસ્થાને અસ્થીર બનાવવાને બદલે તેને જાળવવાની દિશામા વલણ રાખવુ જોઈએ. પરિવારીક સમાધાનનો મુખ્ય હેતુ લાંબા સમયથી ચાલતા વિવાદ અને ઝઘડાને સમાપ્ત કરવાનો છે. જેથી ભવિષ્યના તમામ વિવાદો સમાપ્ત થાય અને તેથી જ અદાલતો ધ્વારા ટેકનીકલ રીતે કે તુચ્છ ખામીઓના આધાર પર પરિવારીક સમાધાનને માન્ય રાખવાનો અભિગમ રાખવો જોઈએ અને જયા કોઈ કાનુની અથવા ઔપચારીક ખામી અંગે પ્રશ્ન ઉભો કરવામા આવે ત્યારે એસ્ટોપલના સિધ્ધાંતને મહત્વ આપીને પક્ષકારને રોકી શકાય, એટલે કે જેણે સમાધાન હેઠળના લાભ ભોગવેલ હોય, તે વ્યકિત બાદમા તેને પડકારવાનો પ્રયાસ કરે તો, ફેમીલી સેટલમેન્ટને અદાલતે પ્રાધાન્ય આપવુ જોઈએ.

(૫.૧૧) તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતના **Sahu Madho Das And Others vs Pandit Mukand Ram And Another(And ... on 22 March, 1955 (1955 AIR 481)** ના ચુકાદામા ફેમીલી એરેન્જમેન્ટ સંદર્ભે કરેલ ચર્ચા મહત્વની બને છે જેમાં નીચે મુજબ ઠરાવેલ છે

> "It is well settled that compromise or family arrangement is based on the assumption that there is an antecedent title of some sort in the parties and the agreement acknowledges and defines what that title is, each party relinquishing

all claims to property other than that falling to his share and recognising the right of the others, as they had previously asserted it, to the portions allotted to them respectively. That explains why no conveyance is required in these cases to pass the title from the one in whom it resides to the person receiving it under the family arrangement. It is assumed that the title claimed by the person receiving the property `, under the arrangement had always resided in him or her so far as the property falling to his or her share is concerned and therefore no conveyance is necessary. But, in our opinion, the principle can be carried further and so strongly do the Courts lean in favour of family arrangements that bring about harmony in a family and do justice to its various members- and avoid in anticipation, future disputes which might ruin them all, and we have no hesitation in taking the next step. (fraud apart) and upholding an arrangement under which. One set of members abandons all claim to all title and interest in all the properties in dispute and acknowledges that the sole and absolute title to all the properties resides in only one of their number (provided he or she had claimed the whole and made such an assertion of title) and are content to take such properties as are assigned to their shares as gifts pure and, simple from him or her, or as a conveyance for consideration when consideration is present."

સદર ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતના અવલોકન મુજબ કુટુંબ વ્યવસ્થાઓ વિશેષ ન્યાયસુત્ર હેઠળ આવે છે. જો કેટલાક પક્ષકારોને ઓછો અથવા વધારે હિસ્સો મળે તો પણ જો તે વ્યવસ્થા કૌટુમ્બિક શાંતિ, સદભાવપુર્વક અને વિવાદો સમાપ્ત કરવા માટે કરવામા આવેલ હોય તો તે માન્ય રહે છે.

(૫.૧૨) વાદીના પ્લીડીંગની હકીકત જોતા, વાદીએ ૨૦/૧૨/૧૯૯૯ ના રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૧૧૩૨ કે જે સબ રજીસ્ટ્રાર ગણદેવી ખાતે નોંધાયેલ, તે દસ્તાવેજને દાવામા પડકારેલ છે. વેચાણ દસ્તાવેજ મોજે ધનોરી ખાતા નંબર ૨૯૫ તથા નવા ખાતા નંબર ૩૯૫ મા આવેલ ખેતીની જમીન જેનો જુનો સર્વે નંબર ૧૭૦ તથા જુનો બ્લોક નંબર ૧૨૫ તથા નવો બ્લોક નંબર ૩૯૭ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ હે.આર.ચો.મી ૧-૭૫-૩૬ આકાર રૂા.૮.૩૫ પૈસા વાળી ખેતીની જમીન વાદી મૃદુલાબેન રમેશભાઈ દેસાઈ નાઓએ પ્રતિવાદી નંબર ૧૧ અને ૧૨ ને રકમ રૂા.૨,૬૫,૮૦૦/- ના વેચાણ અવેજ મેળવીને તારીખ ૨૦/૧૨/૧૯૯૯ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નંબર ૨૦૮૫ થી પ્રમાણીત થયેલ છે. આ કામના વાદીએ હાલના દાવાના કામે સદર વેચાણ નોંધ નંબર ૨૦૮૫ તથા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૩૨/૧૯૯૯ ને પડકારેલ છે.

(પ.૧૩) વાદીએ જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ પડકારેલ છે તે જમીન વાદીના નામે ફેરફાર નોંધ નંબર ૬૧૪ ના આધારે વહેંચણ આધારે અને ત્યારબાદ ફેરફાર નોંધ નંબર ૮૪૩ થી ખરીદકિંમત ભરવા માટેના આદેશ મુજબ ફેરફાર નોંધ નંબર ૧૦૯૧ મુજબ રૂા. ૧૩૦૦/- ની ખરીદકિંમત ભર્યા બાદ તેઓને ઈસ્યુ થયેલ કલમ ૩૨(એમ) ના પ્રમાણપત્ર મુજબ માલીકી હકકે પ્રાપ્ત થયેલ છે. સદર જમીન અંગે જુની શરતની મીલકત તરીકે ફેરફાર કરતો જરુરી હુકમ નાયબ કલેકટર, નવસારી નાઓએ તારીખ ૧૨/૧૧/૧૯૯૯ ના રોજ કરેલ છે અને તે અંગેની રેવન્યુ રેકર્ડમા ફેરફાર નોંધ નંબર ૨૦૭૪ દાખલ થયેલ અને પ્રમાણિત થયેલ છે. અને ત્યારબાદ એટલે કે તારીખ ૨૦/૧૨/૧૯૯૯ ના રોજ સદર મીલકત અંગે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવામા આવેલ છે. આ કામે વાદીએ નિશાની ૩/૪૫ થી રજીસ્ટર વેચાણ દસ્તાવેજની ખરીનકલ રજુ કરેલ છે. આ કામે રેકર્ડ પર થી એ હકીકત સ્પષ્ટ થાય છે કે વાદીએ વહેંચણી હેઠળ પોતાને મળેલી મિલકત સ્વીકારી હતી અને ત્યારબાદ તે મિલકત અંગે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ પણ અમલમાં મુકેલ હતો અને તેના પરથી વાદીનુ વર્તન સ્પષ્ટ થાય છે અને વાદીએ વહેચણી સ્વીકારી હતી અને અસમાન વહેચણી અંગેની કોઈ પણ તકરાર તેણે પોતે જ જતી એટલે કે વેવ કરેલ છે.

(પ.૧૪) નામદાર સર્વોચ્ચ અદાલતના **State of Maharashtra v. Digambar, (1995) 4 SCC 683**, ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા ડોકટરીન ઓફ ડીલે એન્ડ લેચિઝ બાબતે નીચે મુજબ ચર્ચા કરેલ છે.

> Laches or undue delay, the blame-worthy conduct of a person in approaching a Court of Equity in England for obtaining discretionary relief which disentitled him for grant of such relief was explained succinctly by Sir Barnes Peacock, long ago, in Lindsay Petroleum Co. v. Prosper Armstrong [(1874) 5 PC 221], thus :
>
> > " Now the doctrine of laches in Courts of Equity is not an arbitrary or a technical doctrine. Where it would be practically unjust to give a remedy, either because the party has, by his conduct, done that which might fairly be regarded as equivalent to a waiver of it, or where by his conduct and neglect he has, though perhaps not waiving that remedy, yet put the other party in a situation, in which it would not be reasonable to place him if the remedy were afterwards to be asserted, in either of these cases, lapse of time and delay are most material. But in every case, if an argument against relief, which otherwise would be just, is founded upon

mere delay, that delay of course not amounting to a bar by any statute or limitations, the validity of that defence must be tried upon principles substantially equitable. Two circumstances, always important in such cases, are, the length of the delay and the nature of the acts done during the interval, which might affect either party and cause a balance of justice or injustice in taking the one course or the other, so far as it relates to the remedy."

(૫.૧૫) તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના **Nagubai Ammal v. B. Shama Rao, AIR 1956 SC 593**, ના ચુકાદામા **approbate and reprobate** ના સિધ્ધાંતની ચર્ચા કરેલ છે જે નીચે મુજબ છે.

The observations of Scrutton, L. J. on which the appellants rely are as follows:

"A plaintiff is not permitted to 'approbate and reprobate'. The phrase is apparently borrowed from the Scotch law, where it is used to express the principle embodied in our doctrine of election-namely, that no party can accept and reject the same instrument: Ker v. Wauchope(1): Douglas-Menzies v. Umphelby(2). The doctrine of election is not however confined to instruments. A person cannot say at one time that a transaction is valid and thereby obtain some advantage, to which he could only be entitled on the footing that it is valid, and then turn round and say it is void for the purpose of securing some other advantage. That is to approbate and reprobate the transaction".

જે મુજબ કોઈ પક્ષે જો કોઈ વ્યવહાર હેઠળ લાભ લીધો હોય, તો તે પક્ષ પછીથી તેજ વ્યવહારને અમાન્ય હોવાના આધાર પર પડકારી શકતો નથી જયારે કોઈ પક્ષે કોઈ દસ્તાવેજ ને સ્વીકારીને તેના આધારે કાર્ય કર્યું હોય અને તેમાથી લાભ પ્રાપ્ત કર્યો હોય, ત્યારે તે પક્ષને પછી થી તે જ દસ્તાવેજની માન્યતા અંગે પ્રશ્ન ઉભો કરવાની કાયદેસર પરવાનગી રહેતી નથી. અને તેવા કિસ્સામા **“Approbrate and Reprobate”** નો સિધ્ધાંત સંપુર્ણ પણે લાગુ પડે છે.

(૫.૧૬) તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના **Rajasthan State Industrial Development & Investment Corporation v. Diamond & Gem Development Corporation Ltd., (2013) 5 SCC 470** ચુકાદામા ઠરાવેલ મુજબ

A party who knowingly accepts the benefits of a contract is estopped from questioning its validity. Further held that, **conscious acceptance of benefits**

signifies approval of the transaction. Thereafter, any challenge to the legality or enforceability of the same contract amounts to **approbation and reprobation**, which is impermissible in law.

કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે કોઈપણ પક્ષને એક જ વ્યવહાર અંગે **approbate and reprobate** કરવાની મંજુરી આપી શકાય નહી જયારે એક પક્ષકારે વ્યવહારથી ઉપજતા લાભો સ્વીકાર્યા હોય ત્યારે તે વ્યવહારની કાયદેસરતા, માન્યતા, પડકારવા માટે તે **Law of Estoppel** ના સિધ્ધાંત હેઠળ પ્રતિબંધિત થાય. કાયદો આવા વિરોધાભાસી વલણને માન્ય રાખતો નથી. વહેંચણીનો લાભ લઈને નોંધાયેલ વેચાણ દસ્તાવેજ અમલમા મુકયા બાદ તે જ વહેંચણી પડકારવી **approbate and reprobate** ના સિધ્ધાંતની વિરુધ્ધ છે.

(૫.૧૭) નામદાર સર્વોચ્ચ અદાલતના **Gujarat Electricity Board, Gandhinagar v. Maheshkumar and Co., Ahmedabad (1995(5) SCC 545)** ના ચુકાદાને વંચાણે લેવુ ઉચીત જણાય છે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

**"Prima facie case" means that the Court should be satisfied that there is a serious question to be tried at the hearing, and there is a probability of Plaintiff obtaining the relief at the conclusion of the trial on the basis of the material placed before the Court. "Prima facie case" is a substantial question raised bona fide which needs investigation and a decision on merits.** The Court, at the initial stage, cannot insist upon a full proof case warranting an eventual decree. If a fair question is raised for determination, it should be taken that a prima facie case is established. The real thing to be seen is that the Plaintiff"s claim is not frivolous or vexatious."

નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવો જોઈએ, વાદીએ એવો પ્રશ્ન ઉપસ્થીત કરેલ હોવો જોઈએ કે જે દાવાના અંતે વાદીએ રજુ કરેલ દસ્તાવેજોના આધારે વાદીએ માંગેલ દાદ મેળવવામા સફળતા મળી શકે તેમ હોય, વાદીએ જે શુધ્ધબુધ્ધિ પુર્વક જે પ્રશ્ન ઉપસ્થીત કરેલ હોય, તેમાં ઝીણવટ પુર્વકની તપાસ અને પુરાવા આધારીત નીર્ણયની જરુર હોય. દાવાના કામે વાદીએ એવો પ્રથમદર્શનીય પુરાવો કે જેમા પ્રતિવાદીઓએ ખોટી અને ગેરવ્યાજબી રીતે વહેંચણની કાર્યવાહી કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વાદી સીવાયના અન્ય ભાઈ બહેનો એટલે કે પ્રતિવાદી નંબર ૮ અને ૯ સિવાયના અન્ય ભાઈ બહેનો ધ્વારા હાલનો દાવો દાખલ થયો તે અગાઉ વહેંચણની નોંધ નંબર ૬૧૪ ને સક્ષમ અદાલતમા પડકારેલ નથી. જેથી વાદીના દાવામા પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી.

(પ.૧૮) વધુમાં વાદીની દાવા અરજીના પ્લીડીંગ મુજબ વાદીએ તેમની માતા સિંધુબેન તારીખ ૩૧/૦૫/૧૯૮૪ ના રોજ બીનવસીયત મરણ ગયેલ હોવાનુ જણાવેલ છે અને તારીખ ૧૨/૦૧/૧૯૮૩ ના રોજ મોજે ધનોરી ગામે બ્લોક નંબર ૨૫૫ સંદર્ભે વીલ કરી આપેલ છે. વાદીએ વીલની નકલ આ કામે રજુ કરેલ નથી પ્રતિવાદી નંબર ૧૦ થી ૧૪ નાઓએ નિશાની ૧૨૯/૩૭ થી વીલની નકલ રજુ કરેલ છે. જે વીલ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે અનુક્રમ નંબર ૭૩ થી તારીખ ૨૪/૦૧/૧૯૮૩ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. વીલથી મીલકત મેળવનાર તરીકે સગીર જીગીશાબેન મહાવીરભાઈ જોષી તથા સગીર દીગીશાબેન મહાવીરભાઈ જોષી નાઓનુ નામ ઠરાવેલ છે. સદર વીલ રજીસ્ટર્ડ થયેલ હોય, તેની નોંધણી ની તારીખ ડીમ ડેટ ઓફ નોલેજ ગણાય અને તેની નોંધણીની તારીખથી કાયદામા ઠરાવેલ સમયમર્યાદામા પડકારવુ જોઈએ, વાદીએ તારીખ ૨૪/૦૧/૧૯૮૩ ના વીલને સદર દાવાના કામે પડકારેલ છે. જે નીયત સમયમાર્યાદામા પડકારેલ નથી. વધુમા વીલની નોંધ અંગે ફેરફાર નોંધ નંબર ૧૩૫૦ આ કામે નીશાની ૩/૩૧ થી પ્રમાણીત નકલ રજુ કરેલ છે. સદર વીલમા બ્લોક નંબર ૨૫૫ વાળી જમીન અંગે વીલ કરવામા આવેલ છે. સદર વીલ અંગેની નોંધ મામલતદાર, ગણદેવી ધ્વારા પ્રમાણીત કરેલ છે જે નોંધને વાદીએ આજદિન સુધી રેવન્યુ રેકર્ડે પડકારેલ નથી. હાલના દાવા સિવાય અગાઉ સક્ષમ અદાલત સમક્ષ વીલને પડકારેલ નથી. સદર વીલથી મીલકત મેળવનારના નામની નોંધ સક્ષમ સત્તાધીકારી ધ્વારા નોંધાયેલ છે. તેમજ વીલથી મીલકત મેળવનાર લાંબા સમયથી કાયદેસરની પ્રક્રિયાના આધારે વીલથી નીમાયેલ માલીક તરીકે મીલકતનો વાપર ઉપભોગ કરી રહેલ છે. જેથી તેઓના કબજા ભોગવટામા હસ્તક્ષેપ કાયદાના માધ્યમથી કરી શકાય તેવો સક્ષમ પ્રાથમીક પુરાવો વાદી ધ્વારા રજુ કરેલ નથી.

(પ.૧૯) આ ઉપરાંત વાદીએ આ દાવાના કામે ફેરફાર નોંધ નંબર ૩૦૪૮ જેમાં પ્રતિવાદી નંબર ૮ ના ખાતાની બ્લોક નંબર ૧૧૪, ૧૨૬ તથા ૨૦૨ વાળી જમીનમા પ્રતિવાદી નંબર ૧૧ અને ૧૨ ના નામ દાખલ થયેલ છે તથા ફેરફાર નોંધ નંબર ૫૮૬૨ જેમાં બ્લોક નંબર ૨૫૩ તથા ૮૦૦ વાળી જમીનમા પ્રતિવાદી નંબર ૯ તથા પ્રતિવાદી નંબર ૧૦, ૧૧ તથા ૧૨ ના નામે ચાલતી હતી તેમા પ્રતિવાદી નંબર ૧૩ અને ૧૪ ના નામો દાખલ થવા અંગેની નોંધ છે. તથા ફેરફાર નોંધ નંબર ૫૪૨૭ પ્રતિવાદી નંબર ૫ થી ૭ ના પિતા ચંદ્રકાન્ત હરિપ્રસાદ મહેતાના અવસાન બાદ થયેલ વારસાઈ અંગેની નોંધ છે. જયારે તારીખ ૧૭/૦૭/૨૦૦૬ મુજબ ફેરફાર નોંધ નંબર ૫૨૪૩ બ્લોક નંબર ૮૦૦ અને ૧૨૬ વાળી જમીનમાથી ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લીમીટેડ ધ્વારા કુદરતી ગેસ પરિવહન માટે ભુગર્ભ પાઈપ લાઈન નાંખવા માટે વપરાશી

હકક તરીકે સંપાદન કરવામા આવેલ છે. તથા તારીખ ૧૬/૦૪/૨૦૧૨ મુજબ ફેરફાર નોંધ નંબર ૫૮૧૯ મા બ્લોક નંબર ૮૦૦ વાળી જમીનમાથી રીલાયન્સ ગેસ ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટકચર લીમીટેડ ધ્વારા ગેસ પાઈપ લાઈન માટે વપરાશી હકક તરીકે સં પાદન કરવામા આવેલી તેની વળતરની રકમ અંગે વાદીએ કલેઈમ કરેલ છે.

(૫.૨૦) વાદીએ જે ફેરફાર નોંધો અંગે હકીકત જણાવેલ છે તે ફેરફાર નોંધો જે તે સમયે વહેંચણીની નોંધ નંબર ૬૧૪ દાખલ થયા બાદ, જેના નામે મીલકતની વહેંચણી થયેલ તે વહેંચણની નોંધ ના આધારે ગણોત કિંમત ચુકવીને માલીકી હકક પ્રાપ્ત કરેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાય છે. અને તમામ ફેરફાર નોંધો મુખ્ય ફેરફાર નોંધ નંબર ૬૧૪ ના આધિન મેળવેલ મીલકત ના આધારે પ્રાપ્ત થયેલ હકક આધારીત નોંધ છે. જે નોંધોને વાદીએ સક્ષમ રેવન્યુ અદાલત સમક્ષ પડકારેલ હોય તેવુ કોઈ પ્લીડીંગ આ કામે કરેલ નથી.

(૫.૨૧) વાદીએ તેના દાવા અરજીમા કરેલ પ્લીડીંગ મુજબ વહેંચણી અંગેની નોંધ ને પડકારેલ છે. જે વહેચણી અંગેની ફેરફાર નોંધ નંબર ૬૧૪ સને ૧૯૭૦ માં દાખલ થયેલ છે. અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૩૨ વાદીએ પ્રતિવાદી નંબર ૧૧ અને ૧૨ ની તરફેણમા કરી આપેલ છે જે તારીખ ૨૦/૧૨/૧૯૯૯ ના રોજ કરી આપેલ છે. જો વાદી અસમાન વહેંચણ અંગે પ્લીડીંગ કરતા હોય, તો, તે વહેંચણના આધારે મેળવેલ મીલકતને તારીખ ૨૦/૧૨/૧૯૯૯ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૩૨ ના વ્યવહાર થયો ત્યા સુધી કોઈ પણ સક્ષમ ઓથોરીટી સમક્ષ કે સીવીલ કોર્ટ સમક્ષ પડકારેલ હોવા અંગેનુ કોઈ પ્લીડીંગ વાદીએ તેની દાવા અરજીમા કરેલ નથી. જેથી વાદીના પ્લીડીંગને લો ઓફ એસ્ટોપલનો બાધ નડતો હોવાનુ પ્રથમ દર્શનીય જણાય છે. વાદીએ જે દસ્તાવેજી પુરાવા પ્રાથમીક તબકકે અદાલત સમક્ષ રજુ કરેલ છે તે ધ્યાને લેતા, હાલના કેસની સુનાવણી દરમ્યાન વિચારણા માંગીલે તેવી ગંભીર અને મહત્વની હકીકત કે જે વાદીના કેસને સહજ રીત પ્રસ્તુત કરે તેવી કોઈ રજુઆત વાદી તરફથી કરવામા આવેલ નથી તેમજ જે દસ્તાવેજો તથા રજુઆતો રેકર્ડ પર રજુ થયેલ છે તેના આધારે આખરી નિર્ણય સમયે વાદીને રાહત મળવાની સં ભાવના જણાતી હોય તેવુ રેકર્ડ જોતા ફલીત થતુ નથી. પ્રથમ દર્શનીય કેસ એટલે કે સચ્ચાઈ પુર્વક ઉઠાવવામા આવેલો એવો મહત્વનો અને સાર્થક પ્રશ્ન કે જેની તપાસ કરવી જરુરી બને અને તેનો પુરાવાના આધારે મેરીટ ઉપર નિર્ણય લેવો આવશ્યક બને પરંતુ હાલના કેસમા વાદીએ એવી કોઈ રજુઆત થયેલ નથી અને જે પ્રશ્ન વાદી ધ્વારા ઉઠાવવામા આવેલ છે તે અસમાન વહેંચણી બાબતે વાદીએ પોતે તે અમલમા મુકેલ હોય, સ્વીકારેલ હોય,

અને આર્થીક લાભ મેળવેલ હોય, વાદી તેની મનાઈ અરજીના કામે પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામા સફળ રહેલ હોવાનુ ફલીત થતુ નથી.

(પ.૨૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના **Ashok Bhanushankar Trivedi vs.Nagar Primary Shikshan sameetee 2000(2) GLH (UJ) 6** ના ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠરાવેલ છે કે,

> 12. While considering the prayer for grant of temporary injunction or interim relief pending the suit, the court has to consider that the party praying for the same has made out prima facie case, that in case the interim relief as prayed for is not granted, it will result in causing irreparable injury to him which cannot be compensated in terms of money and lastly the balance of convenience also favours grant of the same. It is no more res integra that merely because the litigant praying for temporary injunction or interim relief has prima facie case in his favour alone is not sufficient for grant of temporary injunction or interim relief unless on all the three aforesaid ingredients the court is satisfied and then only temporary injunction or interim relief as prayed for can be ordered, but not otherwise.

(પ.૨૩) આ કામે વાદીએ પોતાનો પ્રાઈમાફેસી કેસ હોવાની હકીકત તેના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામા સફળ રહેલ નથી. તેમજ દાવાવાળી મીલકત હાલમા પ્રતિવાદીઓના નામે ચાલે છે. વધુમા આ કામે પ્રતિવાદીઓનો ફેરફાર નોંધ નંબર ૬૧૪ મુજબ વર્ષોથી વાપરઉપભોગ અને કબજો ભોગવટો ચાલતો આવેલ છે અને વાદીએ પોતાના વર્તન દ્વારા ફેરફાર નોંધ નંબર ૬૧૪ અંગે સ્વીકૃતી દર્શાવેલ છે અને તે કાયદેસર રીતે અમલમા મુકેલ છે અને વેચાણ દ્વારા આર્થીક લાભ પણ મેળવેલ છે અને અન્ય જમીનમાલીકો દ્વારા પોતાના ભાગે આવેલ મીલકતનો કાયદેસર રીતે વાપરઉપભોગ કરતા આવેલ છે જેથી જો મનાઈહુકમ આપવામા આવે તો પ્રતિવાદીની મીલકત ઉપર કલાઉડ ઉભો થાય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ હાલના તબકકે પ્રતિવાદીના લાભમા જણાય છે તેમજ વાદીનો એવો કેસ નથી કે પ્રતિવાદી દાવાવાળી જમીન વેચવાની કોશીશ કરી રહેલ છે જેથી પ્રતિવાદીની મીલકત ઉપર કોઈ પણ પ્રકારનો કલાઉડ નાંખવામા આવે તો, તેનાથી નાણાકીય નુકશાન વાદી કરતા પ્રતિવાદીને વધારે જઈ શકે તેવુ અત્રેની અદાલતનુ સ્પષ્ટ પણે માનવુ છે.

(૫.૨૪) વધુમા નામદાર ગુજરાત હાઈકોર્ટના **Lakhmanbhai Gogabhai Goraniya vs Hirjibhai Kanjibhai Sagthiya on 4 November, 2025** ચુકાદામા મનાઈહુકમની અરજીના નીકાલ સંદર્ભે અલગ અલગ ચુકાદાઓની ચર્ચા કરેલ છે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરેલ ઓબઝર્વેશન મુજબ નામદાર ટ્રાયલ કોર્ટના મનાઈહુકમની અરજી નામંજુર કરવાનો હુકમ કાયમ રાખતો હુકમ કરેલ છે જે નીચે મુજબ છે.

19. It is now a well-settled legal position of law that when a plaintiff wakes up after a considerably long period for enforcement of his right and seeks any performance as per the terms of the contract, in such a case, the Court may be loath to grant an injunction in his favor. To better understand such a point, I would like to refer to a few decisions of the Honorable Apex Court/this Court as follows:

19.1. It would be apt to first refer and rely upon the decision of Hon'ble Apex Court in a case of in the case of Mandali Ranganna vs. T. Ramachandra, 2008 11 SCC 1, wherein Hon'ble Apex Court held as under:-

"[21] While considering an application for grant of injunction, the court will not only take into consideration the basic elements in relation thereto, viz., existence of a prima facie case, balance of convenience and irreparable injury, it must also take into consideration the conduct of the parties.

[22]. Grant of injunction is an equitable relief. **A person who had kept quiet for a long time and allowed another to deal with the properties exclusively, ordinarily would not be entitled to an order of injunction.** The court will not interfere only because the property is a very valuable one. We are not however, oblivious of the fact that grant or refusal of injunction has serious consequence depending upon the nature thereof. The courts dealing with such matters must make all endeavours to protect the interest of the parties. For the said purpose, application of mind on the part of the courts is imperative. Contentions raised by the parties must be determined objectively."(emphasis supplied)

19.2 It is also apposite to refer to the decision of this Court (Hon'ble Mr. Justice H.L. Gokhale, as His Lordships then was) in the case of Veetrag Holding Co. Ltd. Vs. Gujarat State Textile Corporation Ltd., 1996 3 GLR 536, more particularly in Para-8, which reads as under :-

"8. Even so, in any case, inasmuch as this contract was terminated on 6th December 1993, it was expected of the appellant to move for specific performance at the earliest, if they were serious about the same. The appellants certainly cannot be non-suited on the ground of limitation inasmuch as their suit is within time. However, when it comes to grant of equitable relief when the suit is filed after such a lapse of time, it cannot be said that the remedy of interim injunction was the necessary remedy and there was no other remedy available to the party concerned in this behalf. Shri Gupta relied upon the Apex Court judgment rendered in Dalpat Kumar and Anr. v. Prahlad Singh and Ors. Thereof the Courts are cautioned and required to exercise sound judicial discretion. They are required to find out that no other remedy is available to the party concerned and then as stated by the Honourable Supreme Court (and again relied upon by Shri Gupta) in para 20 of the judgment of the Apex Court rendered in State of Maharashtra v. Digambar; for approaching a Court of equity, the blameworthy conduct of a person approaching a Court of equity, for obtaining discretionary relief disentitles him for grant of such relief. Para 20 of the above judgment reads as under:

**Laches or undue delay, the blameworthy conduct of a person in approaching a Court of equity in England for obtaining discretionary relief which disentitled him for grant of such relief** was explained succinctly by Sir Barnes Peacock, long ago, in Lindsay Petroleum Co. v. Hurd, thus:

Now the doctrine of laches in Courts of Equity is not an arbitrary or a technical doctrine. Where it would be practically unjust to give a remedy, either because the party has, by his conduct, done that which might fairly be regarded as equivalent to a waiver of it, or where by his conduct and neglect he has, though perhaps not waiving that remedy, yet put the other party in a situation, in which it would not be reasonable to place him if the remedy were afterwards to be asserted, in either of these cases, lapse of time and delay are most material. But in every case, if an argument against relief, which otherwise would be just, is founded upon mere delay, that delay of course not amounting to a bar by any statute or limitations, the validity of that defence must be tried upon principles substantially equitable. Two circumstances, always important in such cases, are, the length of the delay and the nature of the acts done during the interval, which might affect either party and cause a balance of

justice or injustice in taking the one course or the other, so far as it relates to the remedy."(emphasis supplied)

19.3. Recently also, Hon'ble Apex Court in the case of Ambalal Sarabhai Enterprise Limited vs. K.S.Infraspace LLP Ltd. and another - 2020 5 SCC 410, held as under :-

"19. In a matter concerning grant of injunction, apart from the existence of a prima facie case, balance of convenience, irreparable injury, the conduct of the party seeking the equitable relief of injunction is also very essential to be considered as observed in Motilal Jain (supra) holding as follows :

"6. **The first ground which the High Court took note of is the delay in filing the suit.** It may be apt to bear in mind the following aspects of delay which are relevant in a case of specific performance of contract for sale of immovable property:

(i) delay running beyond the period prescribed under the Limitation Act
(ii) delay in cases where though the suit is within the period of limitation, yet:

(a) due to delay the third parties have acquired rights in the subject matter of the suit;

(b) in the facts and circumstances of the case, delay may give rise to plea of waiver or otherwise it will be inequitable to grant a discretionary relief."

22. In M.P.Mathur vs. DTC, 2006 13 SCC 706, this Court observed :

"14. The present suit is based on equity In the present case, the plaintiffs have sought a remedy which is discretionary. They have instituted the suit under Section 34 of the 1963 Act. The discretion which the court has to exercise is a judicial discretion. That discretion has to be exercised on well-settled principles. Therefore, the court has to consider the nature of obligation in respect of which performance is sought, circumstances under which the decision came to be made, the conduct of the parties and the effect of the court granting the decree. In such cases, the court has to look at the contract. The court has to ascertain whether there exists an element of mutuality in the contract. If there is absence of mutuality the court will not exercise discretion in favour of the plaintiffs. Even if, want of mutuality is regarded as discretionary and not as an absolute bar to specific performance, the court has to consider

the entire conduct of the parties in relation to the subject-matter and in case of any disqualifying circumstances the court will not grant the relief prayed for (Snell's Equity, 31st Edn., p.366)...."

23. Wander Ltd. (supra) prescribes a rule of prudence only. Much will depend on the facts of a case. It fell for consideration again in Gujarat Bottling Co. Ltd. vs. Coca Cola Co., 1995 5 SCC 545, observing as follows :

"47....Under Order 39 of the Code of Civil Procedure, jurisdiction of the Court to interfere with an order of interlocutory or temporary injunction is purely equitable and, therefore, the Court, on being approached, will, apart from other considerations, also look to the conduct of the party invoking the jurisdiction of the Court, and may refuse to interfere unless his conduct was free from blame. **Since the relief is wholly equitable in nature, the party invoking the jurisdiction of the Court has to show that he himself was not at fault and that he himself was not responsible for bringing about the state of things complained of and that he was not unfair or inequitable in his dealings with the party against whom he was seeking relief. His conduct should be fair and honest...."(emphasis supplied)**

20. In view of the aforesaid well-settled principles of law having applied upon the facts and circumstances of the present case, I do not find any reason to interfere with the impugned order passed by the trial Court, as it is neither erroneous, perverse, nor contrary to provisions of the Act, 1963, and or against settled legal principle of law. In fact, I am in complete agreement with the view taken by trial court, when rejected impugned injunction application.

(૫.૨૫) આમ, રેકર્ડ પરની હકીકતો ઘ્યાને લેતા, વાદીનુ વર્તન મહત્વનુ ફેકટર ધરાવે છે. વાદી વહેંચણ સમયે પુખ્ત વયના હતા, તેઓએ વહેંચણ લેખની કાર્યવાહી સમયે કોઈપણ વિરોધ નોંધાવેલ નથી. આ ઉપરાંત વાદી સિવાયના અન્ય ભાઈઓ બહેનોએ પણ કોઈ વિરોધ નોંધાવેલ નથી. એ હકીકત રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે વહેંચણી વર્ષ ૧૯૭૦ મા થયેલ હતી અને તે વહેંચણી મુજબ પક્ષકારોએ અલગ અલગ કબજો અને ભોગવટો મેળવેલો અને વર્ષો સુધી તેનો વાપરઉપયોગ અને વાપરઉપભોગ કરેલ છે અને વાદીએ તેઓને વહેંચણી થી તેમને ફળવાયેલ મિલકત વર્ષ ૧૯૯૯ મા વેચાણ દસ્તાવેજ દ્વારા વેચી નાંખેલ છે. જે હકીકત વાદીનુ વર્તન શંકાસ્પદ બનાવે છે. ઉપરાંત **Rangnayakamma v. K.S. Prakash (AIR 2009 SC 1218)** ના ચુકાદા મુજબ જે વ્યકિતએ સ્વેચ્છાએ પોતાની

મિલકત હસ્તાંતર કરી હોય, તે પછીથી તેમા હક બતાવી શકતી નથી. વહેંચણ અમલમા આવ્યાની હકીકતને ૫૦ વર્ષ ઉપરાંતનો સમય વિતેલ છે, વેચાણ દસ્તાવેજને પણ બે દાયકાથી વધુ સમય વિતી ગયેલ છે આ સમય દરમ્યાન જે તે મિલકતના સંબંધિત હકો સ્થીર થઈ ગયેલ છે. વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ નથી. જે હકીકત જોતા, મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીઓના સ્થીર અને લાંબા સમયથી ચાલતા અધિકારોમા ખલેલ પહોંચશે. બીજી તરફ વાદી પહેલેથી જ પોતાનો ભાગ વેચી ચુકયા હોય, તેઓને તાત્કાલીક કે વાસ્તવીક કોઈ જ નુકશાન થઈ શકે તેવી કોઈ હકીકત હાલના તબકકે જણાતી નથી. જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમા જણાતો નથી. વધુમા વાદી ના લાભમા મનાઈ હુકમ ન આપવાથી નાણાથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીને થઈ શકે તેવી કોઈ હકીકત હાલનુ રેકર્ડ જોતા, જણાતુ નથી. આમ, વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ હોવાની હકીકત તેના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામા સફળ રહેલ ન હોય, અન્ય બે આવશ્યક તત્વો પણ વાદીને ઉપરોકત જણાવેલ કારણોસર મદદકર્તા નથી અને નામદાર ગુજરાત હાઈકોર્ટના Lakhmanbhai Gogabhai Goraniya vs Hirjibhai Kanjibhai Sagthiya ના ચુકાદામા કરેલ ચર્ચા અને ચર્ચા કરેલ માર્ગદર્શક ચુકાદાઓ ધ્યાને લ ેતા, વાદીની તરફેણમા મનાઈહુકમ આપી શકાય તેવો સ્પષ્ટ અને માનવાલાયક કેસ જણાઈ આવતો નથી. વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતના **Khatri Hotels Pvt. Ltd. v. Union of India (AIR 2011 SC 3590)** ના ચુકાદાને ધ્યાને રાખીએ તો, વિલંબ બાબતે વાદીએ કોઈ સ્પષ્ટ માનવા લાયક રજુઆત કરેલ નથી અને વાદી ચોખ્ખા હાથે અદાલત સમક્ષ આવેલ નથી જેથી વાદીની આંક ૫ ની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુકમ

વાદીની આંક ૫ લગતની દાવા દરમ્યાન મનાઈહુકમ મેળવવાની અરજી નામંજુર કરવા હુકમ કરવામા આવે છે.

ખર્ચ દાવાના આખરી પરિણામને અનુરુપ ગણાશે.

હુકમ આજરોજ તારીખ ૧૫ મી જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મારી સહી કરી જાહેર કર્યો.

Place : Gandevi
Date : 15.01.2026

Jigar Narayankumar Mehta
Additional Senior Civil Judge,
At. Gandevi, Dist:Navsari
(UIC - GJ01498)